અંક નંબર: ૦૧. ડિસેમ્બર, ૨૦૧૭

ખજાનો

Fashion ફંડા
ફેશનની ABCD



ડ્યુઅલ કેમેરા ફોનની
સમજવા જેવી ટેકનોલોજી





સસ્તું મેળવવાની માનસિકતા



ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની ખામીઓ

પ્રવાહ સાથે પ્રીત



કારગિલની સફરે

હોલિવૂડની સર્વશ્રેષ્ઠ ફિલ્મોની સફર

રાણી કર્ણાવતી ઇતિહાસમાં ગુમનામ બનેલી વીરાંગનાનાં બલિદાનની સત્યકથા

VISIT…

LANZAROTE Caliente.com

એડીટર્સ: પરમ દેસાઈ, પ્રતીક ગોસ્વામી

લેઆઉટ્સ & ડિઝાઇન: પ્રતીક ગોસ્વામી

મેનેજીંગ ડિરેક્ટર: જયદીપ ગોસ્વામી

ડિજિટલ ઓનર:

www.joblessyuva.com

મીડિયા પાર્ટનર્સ:

ગમ્મત ગુલાલ

www.jentilal.com

(જલ્સા કરોને જેન્તીલાલ)

અંક નંબર: ૦૧

ડિસેમ્બર, ૨૦૧૭.

તંત્રીની કલમે...✍

આ ક્રિસ્ટમસ કંઈક ખાસ છે. ખાસ એટલા માટે કે ગુજરાતી વાચકો માટે અમે માસિક મેગેઝીનરૂપે એક નવું નજરાણું લાવી રહ્યા છીએ. આ રસાળ અને મનોરંજક નજરાણાંને લીલી ઝંડી મળે છે એનો ઘણો જ આનંદ છે અને સાથે જ પ્રિય ગુર્જરવાચકોને કંઇક નવું પીરસવાની ભૂખ પણ છે.

આજે લગભગ અઢી મહિના પહેલાં ઉદ્દભવેલું વિચારબીજ છોડનું રૂપ ધારણ કરે છે અને 'ખજાનો' નામક માસિક વાચકો સમક્ષ રજૂ થાય છે. સાચુકલા ખજાનાની જેમ જ આ મેગેઝીનરૂપી ખજાનાની પેટીમાંથી જાત-ભાતનાં વિષયો આવરી લેતો એક સરસ રસથાળ નીકળશે અને વાચકોની ખિદમતમાં પેશ થશે. આ મનોરંજક ભાથામાં વાર્તાઓનો વટ હશે તો વિજ્ઞાનની અલક મલકની વાતો હશે. સાથે જ ઇતિહાસની ગર્તામાં પહોંચવાનો લહાવો હશે તો હોલિવૂડ-બોલિવૂડની સફર પણ હશે. ફેશનની અવનવી વાતો હશે અને ટેક્નોલોજીની દુનિયાનાં પણ દર્શન થશે. પોઝિટિવિટી/હકારાત્મકતા ખીલવતા પ્રસંગોય હશે અને જાણવા જેવું ઘણું ઘણું હશે.

બસ, હવે ઇંતેજાર છે તો માત્ર આપ સૌ વાચકમિત્રોનો. વાચકોને બોનસરૂપે શરૂઆતનાં અમુક અંકો એકદમ નિઃશુલ્ક મળવાના છે, તો આ બોનસ ઉઠાવી લો અને જોડાઈ જાઓ અમારી સાથે 'ખજાનો'ની આ જ્ઞાન-વિજ્ઞાનભરી સફરમાં. સાથે જ અમારા પ્રયત્નો કેટલા સફળ રહ્યા તેનો નિષ્પક્ષ અભિપ્રાય અહીં આપેલા 'ખજાનો'નાં ઈ-મેલ એડ્રેસ પર મોકલશો તો અમને આનંદ થશે અને સાથે જ સુધારાઓને અવકાશ મળશે.

હવે પાનું ફેરવો અને 'ખજાનો'ના આ પટારાની ભીતર રહેલા મનોરંજનને માણો. અને હા, સર્વે વાચકોને 'ખજાનો' ટીમ તરફથી અને બંને એડિટર્સ તરફથી મેરી ક્રિસ્ટમસ !

- પરમ દેસાઈ (ડિસેમ્બર, ૨૦૧૭)

એડિટર્સ: પ્રતીક ગોસ્વામી, પરમ દેસાઈ

નોલેજ સ્ટેશન

સાહસિકો ઝંખતા ખોવાયેલા સાચુકલા ખજાનાઓ



'ખજાનો'ના આ પ્રથમ અંકમાં વાંચો એવા ખજાનાઓ વિશે, જે આજે પણ તેમને શોધવા મથતા સાહસિકોનો ઈન્તેજાર કરી રહ્યા છે ! એકાદ ઘડી દંગ રહી જવાય એવડાં કિંમતી ખજાનાનો ઇતિહાસ જાણો.

બાળપણથી જ આપણને ખજાનો શબ્દનું ઘેલું લાગ્યું હોય છે. ચાર-પાંચ મિત્રોની ટોળકી હોય, એકાદ નક્શો હોય, મસમોટું વહાણ હોય ને એક ભેદી ટાપુ હોય. અને એ ટાપુ પર દાટેલો હોય એક ખજાનો જે હીરા-મોતીથી અને બીજા અન્ય કિંમતી ઝવેરાતોથી ખદબદતો હોય. નાયક અને એના સાથીઓ ભારે હાડમારીઓ વેઠીને ટાપુ પર પહોંચે, દુશ્મનો સાથે લડીને વિજયી બને, ચાંચિયાઓ/Pirates નો સામનો કરવાનો હોય ને ખજાનો 'ઘર ભેગો' કરે ને પછી ખાધું, પીધું ને રાજ કર્યું. ખરું ને ?

ઉપરનું વર્ણન વાંચીને વાચકો કિશોરોના લાડલા જૂલે વર્નને અને એવા બે-ચાર લેખકોને યાદ કરે તો નવાઈ નહીં. ટ્રેઝર હન્ટિંગ/Treasure Hunting ની સામાન્ય પરિકલ્પના આપણે બાળપણથી આવી કરતા આવ્યા છીએ. સમય જતાં એ પરિકલ્પનામાં ધરખમ ફેરફારો થાય છે, તો પણ વાતનાં મૂળમાં તો પેલો, લાકડાની વજનદાર પેટીવાળો અને હીરા-ઝવેરાત ભરેલો ખજાનો જ કેન્દ્ર સ્થાને રહે છે.

કાળક્રમે એવી જૂનવાણી દંતકથાઓ જેવી, છૂપા ખજાનાઓની વાતો ધીમે-ધીમે ભૂંસાતી ગઈ છે. આપણે આ આધુનિક જમાનામાં ખજાના દટાયા હોવાની અને ગુમ થયા હોવાની વાતોને સ્વાભાવિકપણે જ અફવાઓ તરીકે લઈ લઈએ છીએ અને ગણકારતા નથી. પરંતુ, હકીકતમાં આજે ૨૧મી સદીમાં પણ દુનિયામાં એવાં ઢગલાબંધ વણશોધાયેલા અથવા ખોવાયેલા/lost ખજાનાઓ અસ્તિત્વ ધરાવે છે જેને મેળવવા જતાં કેટલાય લોકોએ જાન ગુમાવ્યાના દાખલા નોંધાયેલા છે.

'ખજાનો'ના આ પહેલવહેલા અંકમાં જાણો આવા જ કેટલાક સાચુકલા ખજાનાઓ વિશેનું બ્રિફ નોલેજ કે જે ઝંખી રહ્યા છે એને શોધનાર સાહસિકોને.

૧. કિંગ જ્હોનનું કિંમતી ઝવેરાત

ઈ.સ. ૧૧૯૯ થી ૧૨૧૬ સુધીના તત્કાલીન બ્રિટન/ઈંગ્લેન્ડના શાસક કિંગ જ્હોનનો ખોવાયેલો ખજાનો દુનિયાના સૌથી મોટા ખજાનાઓમાંનો એક માનવામાં આવે છે. અમૂલ્ય રત્નો જડિત તાજ, ચાંદીની પાટો, સોનાના મોટા પ્યાલા, કોર્નવેલના સિપાહી ટ્રિસટ્રમની તલવાર, કબૂતરની કલાકૃતિવાળી સોનાની લગડીઓ અને ઘણાં બધા સોનાના સિક્કાઓ ધરાવતા કિંગ જ્હોનના ખજાનાની અંદાજિત કિંમત ૭ કરોડ ડોલર આંકવામાં આવી છે ! અલબત્ત, ઉપર દર્શાવેલું બધું જ ઝવેરાત જ્હોન પાસે હતું કે કેમ તે અંગે શંકાઓ જરૂર છે. આ ખજાનો ક્યાં ખોવાયો અને એની પાછળની કથિત કથા શું છે એ હવે જાણો.

કિંગ જ્હોન ખાસ કરીને ઇંગ્લેન્ડના બાળકોમાં રોબીન હુડની વાર્તા જેવા Arch-Villain એટલે કે 'ત્રાસ આપતા દુષ્ટ' તરીકે પ્રચલિત છે અને ઇતિહાસમાં એ 'બેડ/Bad કિંગ જ્હોન' તરીકે કુખ્યાત છે. ઇંગ્લેન્ડના કિંગ હેન્રી બીજા અને તેમની પત્ની અને ફ્રાન્સના એક્વિટેઈન પ્રાંતની રાણી એલીનોર થકી ઈ.સ. ૧૧૬૬માં જ્હોનનો જન્મ થયો હતો. સમય વિત્યો અને કિંગ હેન્રી બીજાના મરણ પછી ૧૧૮૯માં મોટા દીકરા રીચાર્ડને પિતાનું સમગ્ર રાજ્યક્ષેત્ર વારસામાં મળ્યું. એ પછી દસમે વર્ષે ૧૧૯૯માં રીચાર્ડ ફ્રાન્સમાં માર્યો ગયો અને સંપૂર્ણ રાજ્યક્ષેત્ર ગયું જ્હોનને હસ્તક. ૧૨૦૪માં એ બ્રિટની-ફ્રાન્સ સામેની ચઢાઈમાં ખરાબ રીતે હાર્યો અને એને મોટો ફટકો પડ્યો, આર્થિક રીતે પણ. આ ફટકાને પહોંચી વળવા એણે ઇંગ્લેન્ડની પ્રજા પર ભારે ટેક્સ લાદ્યા. ૧૨૦૭માં ખ્રિસ્તી ધર્મના વડા/પોપ સામે તેનો ગજગ્રાહ ઊઠ્યો. જેને લીધે પોપે તેને ધર્મ અને સમાજમાંથી બહિષ્કૃત કર્યો અને અત્યંત વિવાદાસ્પદ Medieval Church Law ઘડ્યો જેને કારણે ઇંગ્લેન્ડના લોકો પર તકલીફો સર્જાઈ અને તેઓએ જ્હોનને કસૂરવાર ઠેરવ્યો.



(કિંગ જ્હોન)

૧૨૧૪માં ફરી જ્હોન ફ્રાન્સ સામે હાર્યો અને એ હારના નતીજારૂપે ઇંગ્લેન્ડે ફ્રાન્સ પરનાં દરેક કબજાના પ્રદેશો ગુમાવ્યા. આવી ને આવી બીજી ઘણી શરમજનક હાર થતી રહી. એટલે લાલચુ જ્હોન છેવટે હેવી ટેક્સેશન પર ઊતરી આવ્યો. એવું કહેવાય છે કે એ નિમ્ન કક્ષાની ઉમરાવ પ્રજા પાસેથી વધારાના કર અને આવક વસૂલતો. છેવટે ૧૨૧૫માં પ્રજાના બળવાઓને કારણે 'મેગ્ના કાર્ટા' નામના ડોક્યુમેન્ટ પર તેને દસ્તખત કરવાની ફરજ પડી. મેગ્ના કાર્ટા કિંગના રાજત્વના પાવર્સ ઘટાડવા ઘડવામાં આવ્યું હતું. ઉપરાંત જ્હોનને જુદી-જુદી જાતનાં સિક્કાઓ અને કિંમતી ઝવેરાતોનો સંગ્રહ કરવાનો પણ શોખ હતો.

૧૩મી સદીથી ઇતિહાસકારો કહી રહ્યા છે તેમ, ૧૨૧૬ના ઉત્તરાર્ધમાં જ્હોન મધ્ય-પૂર્વ ઇંગ્લેન્ડના લિંકનશાયરથી કિંગ્સ-લિન્નનો પ્રવાસ ખેડી રહ્યો હતો. તેણે પોતાને વારસામાં મળેલો અને રાજ્યાભિષેક વખતે રાજચિહ્ન તરીકે સોંપવામાં આવેલો હીરાજડિત શાહીતાજ/Crown of Britain ની સાથે બીજું ઘણું ઝવેરાત એ વખતે પ્રવાસમાં પોતાની સાથે લીધું હતું. જ્હોન અને તેના રાજદ્વારી માણસો ઘોડાઓ દ્વારા હંકારાતી લાકડાનાં ડબ્બાની બેગેજ ટ્રેનની સાથે મુસાફરી કરી રહ્યા હતા. એમાંથી જ એક ડબ્બામાં જ્હોનનું ઝવેરાત હતું. ૯ ઓક્ટોબર, ૧૨૧૬ના દિવસે એ લિન્ન પહોંચ્યો. ત્યાં એની તબિયત લથડી. એણે લિંકનશાયર પાછા ફરી જવાનું એ જ વખતે નક્કી કર્યું. લિંકનશાયર પ્રાંત તેના માટે સુરક્ષિત હતો. સંઘર્ષોથી વિમુક્ત હતો. લિન્નથી લિંકનશાયરના રસ્તે આવતી વોશની ખાડી (જે એ વખતે ઘણી અંદરની બાજુ, લિન્ન તરફ હતી, આજે ત્યાંથી ખાસ્સી દૂર છે) નો વિસ્તાર અત્યંત કાદવવાળો હતો અને જમીન પણ ભીના ઘાસવાળી હતી. ૧૨ ઓક્ટોબરે જ્હોનના કાફલાએ એ ક્રોસ કરી. એ પછી વિસ્બેચ Bay/ખાડી (હાલની નીન નદી) ક્રોસ કરતી વખતે જ્હોનને ઉપરવાસથી આવતી ભરતી નડી ગઈ અને એ ભરતીમાં એનાં ઝવેરાતવાળી બેગેજ ટ્રેન એને ખેંચતા ઘોડાઓ સહિત તણાઈ ગઈ. લગભગ આખો કાફલો એ ભરતીમાં તણાઈ ગયો. અલબત્ત, પુર જેટલી મોટી આફત નહોતી એટલે જાનમાલને બહુ નુકશાન નહોતું થયું. એ પછી જ્હોનને સ્થાનિક આશ્રમમાં લઈ જવામાં આવ્યો. એણે ઝવેરાતવાળી એ બેગેજ ટ્રેનની શોધખોળ પણ આદરાવેલી, પણ એ બેગેજ ટ્રેન ક્યાંય ન જડી. જાણે પાતાળમાં સમાઈ ગઈ !

છેલ્લાં ૮૦૦વર્ષોથી આ ઘટના ઇતિહાસકારો દ્વારા કહેવામાં આવી રહી છે. એ સંપૂર્ણ સાચી છે કે કેમ એની મહોર લગાવી શકાય એમ નથી, પણ જ્હોનનું ઝવેરાત અને શાહી તાજ ખજાનારૂપે હજુ પણ અકબંધ છે. આ ૮૦૦ વર્ષોમાં ઘણાં સાહસિકોએ પોતાનાં દિમાગ કસ્યાં, પણ હજુ સુધી ખજાનો હાથ લાગ્યો નથી. 'ખજાનો ક્યાં હોઈ શકે'ની થિયરીને રજુ કરતા ત્રણ મુદ્દા:

(૧) પરંપરાગત વ્યૂ મુજબ મુસાફરી વખતે કિંગ જ્હોન અને ઝવેરાતવાળી બેગેજ ટ્રેન વચ્ચે અમુક અંતર હતું એટલે બેગેજ ટ્રેન વોશ બેનાં પશ્ચિમ ભાગમાં સટન બ્રીજ નજીક ગાયબ થઈ હોવી જોઈએ. (જુઓ આગળનો નક્શો)

(૨) જ્હોન આટલાં કિંમતી ઝવેરાતને એકલાં નહોતો રાખવા માગતો. બેગેજ ટ્રેનની સાથે જ તે હતો એટલે ભરતી વખતે બેગેજ ટ્રેન વિસ્બેચ અને વાલ્સોકેન નજીક ક્યાંક ગુમ થઈ હતી.

(૩) ત્રીજી થિયરી વિસ્બેચનાં બે પ્રાંત વાલ્પોલ અને ફ્રોલ એન્કર વચ્ચેના ક્ષેત્રનું નિર્દેશન કરે છે.



(પૂર્વ ઇંગ્લેન્ડમાં આવેલી વોશ ખાડી, સટન બ્રીજ અને વિસ્બેચ પ્રાંત)

૨. ફોરેસ્ટ ફેન્નનો ખજાનો

'એ ખજાનાની પેટી ક્યાં છે એ કોઈ નથી જાણતું, પણ માત્ર હું જ જાણું છું. જો હું કાલે મૃત્યુ પામીશ તો એ સ્થળની માહિતી પણ મારી સાથે કોફિનમાં જડાઈ જશે...'

આ શબ્દો છે ૮૬ વર્ષના મિલિયોનેર અને આર્કીઓલોજીકલ લેખક ફોરેસ્ટ ફેન્નના ! તેઓ હાલ ન્યૂ મેક્સિકોના સેન્ટા ફિમાં રહે છે અને એક આર્ટ ડીલર છે. એટલે,કે કલાકૃતિઓની લે-વેચ કરે છે. તેઓ વિયેતનામમાં ફાઈટર પાઇલટ હતા. યુ.એસ. એરફોર્સમાંથી નિવૃત્ત થયા બાદ તેમનાં પત્ની પેગી સાથે તેઓ આર્ટ ગેલેરી ચલાવી રહ્યા છે. તેમના ખજાના પાછળની કથની ટૂંકમાં જોઈએ.

૧૯૭૦માં એરફોર્સમાંથી નિવૃત્ત થયા પછી ફેન્ને એની પત્ની સાથે લગભગ સત્તર વર્ષ સુધી સેન્ટા ફિમાં આર્ટ ગેલેરી ચલાવી. પણ એ પછીથી ફેન્ને પોતાનું સમગ્ર ધ્યાન અને શક્તિ Indian Pueblo જાતિનાં પુરાતન ખોદકામોમાં અને કલા-સંશોધન પરનાં પુસ્તકો લખવા પાછળ કેન્દ્રિત કર્યા.

ફેન્નના કહેવા મુજબ તેમને બાળપણથી જ આર્ટ કલ્ચર અને પુરાતન વસ્તુઓના કલેક્શનમાં અત્યંત રસ હતો, પણ અડધી જિંદગીની એરફોર્સની નોકરી આડે એ બધું શાંત સમુદ્રમાં મોતી પડ્યાં હોય એમ પડ્યું રહેલું.



(ફોરેસ્ટ ફેન્ન અને તેમણે કહેલી ખજાનાની પેટીની કલ્પના)

૧૯૮૮માં ફેન્ન કેન્સરમાં સપડાયા. નિદાન થયું અને માંદગીમાં સરી પડ્યા. એ માંદગીએ ફેન્નને એવો રમતિયાળ વિચાર સુઝાડ્યો કે જે આજે આખા ઉત્તર અમેરિકામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને સાથે સાથે ગોઝારો પણ ! ફેન્નને વિચાર આવ્યો કે મૂલ્યવાન વસ્તુઓ ભરેલી પેટી કોઈક જગ્યાએ છૂપાવી દેવી અને પછી સાહસિકોને એ શોધી કાઢવા આહવાન કરવું. તેણે એક પેટીમાં 'મૂલ્યવાન' વસ્તુઓ તરીકે ખનિજ સ્વરૂપે રહેલું સોનું, દુર્લભ સિક્કાઓ, જ્વેલરી, અન્ય રત્નો અને પોતાની ઓટોબાયોગ્રાફી છુપાવેલી એક બરણી – આ બધું નાખ્યું. અલબત્ત, એનો હેતુ એ પેટીને પોતાની વસિયત તરીકે દાટી દેવાનો હતો. ફેન્ન જો કે પછી માંદગી સામે ટકી ગયા અને જ્યાં સુધી તેઓ ૮૯ – ૯૦ના થાય ત્યાં સુધી તેમણે પેટીને છૂપાવવાની રાહ જોઈ. હવે તેઓ કેન્સરની બિમારીમાંથી ઘણેઅંશે મુક્ત છે.

૨૦૧૦માં આખરે ફેન્ને બે જુદી-જુદી ટ્રીપ કરીને પેટીને 'રોકી પર્વતમાળા' પર કોઈક ગુપ્ત સ્થળે છૂપાવી દીધી. પેટીમાં રહેલા ઝવેરાતનું હાલનું મૂલ્ય ૫ થી ૬ મિલિયન ડૉલર જેટલું છે. ફેન્ન કહે છે કે જ્યારે આ મૂલ્ય ૧૦ મિલિયન ડૉલર સુધીનું થઈ જશે ત્યારે તેઓ પાછા રોકી પર્વતમાળા જઈને પોતાનો ખજાનો પાછો લઈ આવવાના છે. પણ ત્યાં સુધી 'વેઇટ એન્ડ વોચ'ને બદલે 'ગો એન્ડ ફાઈન્ડ'ની નીતિ પ્રમાણે દેશવિદેશના સેંકડો સાહસિકોને ફોરેસ્ટ ફેન્નનું ખુલ્લું આમંત્રણ છે. ખજાનાની

મિસ્ટ્રી સોલ્વ કરવા માટે ફેન્ને તેમનાં The Thrill of the Chase નામનાં પુસ્તકમાં ખજાનાના સંભવિત સ્થળનાં ૯ ગૂઢ સંકેતો આપ્યા છે. તેમની એ કવિતાને પ્રકાશિત થયાને સાત વર્ષે હજુ પણ કેટલાય સાહસિકો માથું ખંજવાળતા કવિતામાંના ગુઢાર્થોને પામવાની કોશિશ કરે છે પણ એમાં ફાવતા નથી.



(ઉત્તર અમેરિકામાં આવેલી 'રોકી પર્વતમાળા'નો વ્યાપ)

સાત વર્ષ પહેલાં ફેન્ને લખેલી એ ગૂઢ કવિતા જે ખજાનાના કેટલાય સંકેતો ધરબીને બેઠી છે એનો એક અંશ જુઓ:

...Begin it where warm water halt,
And take it in the Canyon down.
Not far, but too far to walk,
Put in below the home of Brown...

ફેન્ને જ્યારે ૨૦૧૦માં ખજાનો 'રોકી પર્વતમાળા'માં છુપાવ્યો હતો એ જ વખતે સાહસિકોને ક્લુ આપતી આ પ્રકારની કવિતા લખી નાંખી હતી. તેઓ આગળ એમની વેબસાઈટમાં લખે છે, "સમુદ્ર સપાટીથી ૫૦૦૦ ફૂટ ઉંચે ખજાનો છુપાવવામાં આવ્યો છે..." "આઉટ હાઉસીસને ખોદવાની જરૂર નથી, કારણકે ખજાનો એકેય ઇમારત/Structure સાથે જોડાયેલો નથી..." "ખજાનો કબ્રસ્તાનમાં પણ નથી..." અને વધુમાં તેઓ ઉમેરે છે – "ખજાનો ખાણની અંદર નથી."

સિક્કાની બે બાજુઓની જેમ ફેન્નનો ખજાનો પણ તેની ગોઝારી બાજુ દર્શાવવાનું ચૂક્યો નથી. જ્યારે કેટલાક સાહસિકોના મોત ખજાનાની શોધ કરવા જતાં થયાં તેણે ફેન્નના ખજાનાને વધુ ચર્ચાસ્પદ બનાવી દીધો. જુન, ૨૦૧૭માં ૩૧ વર્ષના એરિક એશ્બી નામના સાહસિકની લાશ રોકી પર્વતમાળાની અર્કન્સાસ/Arkansas નદીમાંથી મળી એ તાજી ઘટના છે. આ પહેલાં પણ કેટલાક સાહસિકો ખજાનો શોધવા જતાં મોતને ભેટ્યાં છે. ખેર, જ્યાં ટ્રેઝર હન્ટિંગ હોય ત્યાં જોખમ તો રહેલું જ છે !

ફોરેસ્ટ ફેન્ન સાહસિકોને ચેતવણી આપતાં કહે છે કે "અમે કોઈને પણ ખોવા નથી માગતા. તૈયાર રહો. સાથે G.P.S. (Global Positioning System) રાખો. તમારી સાથે ઓછામાં ઓછી એક વ્યક્તિને જરૂર રાખો. અને જ્યારે બરફ ઓગળે ત્યાં સુધી રાહ જુઓ."

ખજાનો શોધી લાવનારને શું મળશે એ જાણવા માગતા હોવ તો જાણી લો કે ફેન્ન એટલા તો ભેજાબાજ હશે જ કે એમનો આટલો અમૂલ્ય ખજાનો ક્યારેય કોઈના પણ હાથમાં નહિ આવવા દે. સિવાય પોતાના ! તેમ છતાં સાહસિકો માટે રસ્તો ખુલ્લો છે. તેઓ માથાં ખંજવાળતા રહે છે ને ફેન્ન સેન્ટા ફિમાં બેઠા બેઠા મરક-મરક હસતાં રહે છે !

૩. રશિયન ઝારનાં સુશોભિત ઈંડાં

રશિયામાં પણ ઇંગ્લેન્ડની જેમ વર્ષોથી ઇસુ ખ્રિસ્તનાં પુનરુત્થાન/resurrection નો દિવસ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે જેને 'ઇસ્ટર/Easter'ના તહેવાર તરીકે ઓળખવામાં આવે છે. ક્રિસ્ટમસ જેટલું જ મહત્વ આ તહેવારને આપવામાં આવે છે. સમૃદ્ધ જીવનના પ્રતીક તરીકે લોકો એકબીજાને કલાથી સુશોભિત કરેલાં ઈંડાં ભેટમાં આપે છે.


૧૮૮૫નો એ ઇસ્ટરનો દિવસ રશિયાના ઝાર/સમ્રાટ એલેક્ઝાન્ડર ત્રીજા માટે સોનાનો હતો, કારણ,કે એ દિવસે વીસ વર્ષ પહેલાં એણે ઝારીના/સામ્રાજ્ઞી મારિયા સાથે લગ્ન લીધાં હતાં. આથી એની ઉજવણીરૂપે એલેક્ઝાન્ડર મારિયાને કંઈક હટકે ભેટ આપવા માગતો હતો. એટલે એણે તે વખતે નામના પામેલા જ્વેલર પીટર કાર્લ ફેબર્જ સાથે સુશોભિત ઈંડાં બનાવવા માટેની ડીલ કરી. ૧૮૮૫ના એ ઇસ્ટરની સવારે

જ્યારે ફેબર્જે અંદર સોનાની જરદી વચ્ચે સોનાની મરઘીની પ્રતિકૃતિ ધરાવતું પહેલું ઈંડું એલેક્ઝાન્ડરને સોંપ્યું અને એલેક્ઝાન્ડરે તેની પત્નીને ભેટમાં આપ્યું ત્યારે એની પત્ની મારિયા ખુશીથી ઝૂમી ઊઠી.

કાર્લ ફેબર્જના કામથી ખુશ થઈને એલેક્ઝાન્ડરે એને સન્માન સ્વરૂપે દર વર્ષે ઇસ્ટરનાં તહેવારે એક એક ઈંડું તૈયાર કરવાનો ઓર્ડર આપી દીધો. શરત એ હતી કે દરેક ઈંડું અલગ હોવું જોઈએ અને મારિયા માટે હરવખતે નવી સરપ્રાઈઝ ધરાવતું હોવું જોઈએ. કાર્લ ફેબેર્જે શરત મંજૂર રાખી અને એ જ વર્ષથી એણે દરેક વર્ષે નવાં-નવાં સુશોભિત ઈંડાં બનાવવાનું શરૂ કરી દીધું.

૧૮૯૪માં એલેક્ઝાન્ડર ત્રીજાનાં મૃત્યુ પછી તેના દીકરા નિકોલસ બીજાને રાજસત્તા મળી અને એણે દર વર્ષે ઈંડાંની બનાવટની પરંપરા આગળ ધપાવી.

૧૯૧૭માં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે રશિયામાં બોલ્શેવિક/Bolshevik ક્રાંતિનાં પગલે નિકોલસ બીજાની સરકાર પડી ભાંગી અને નિકોલસને પદભ્રષ્ટ કરવાનું ફરમાન આપવામાં આવ્યું. બીજા જ દિવસે નિકોલસ બીજા અને એના લગભગ પરિવારની ધરપકડનું વોરંટ કાઢવામાં આવ્યું.તેઓ સાઈબિરીયા તરફ નાસી ગયાં, પરંતુ ત્યાં તેમને કેદી બનાવવામાં આવ્યાં અને જુલાઈ, ૧૯૧૮માં પરિવારની હત્યા કરી નાખવામાં આવી.



(ઝાર એલેક્ઝાન્ડર ત્રીજો એમનાં પત્ની - બાળકો સાથે અને ફેબર્જનાં કલાત્મક ઈંડાં)

બોલ્શેવિક ક્રાંતિ દરમિયાન બોલ્શેવિક લોકોએ ઝાર નિકોલસ બીજાનાં બધાં જ શાહી ઈંડાં જપ્ત કર્યાં. કુલ ૫૦ જેટલાં ઇમ્પેરિઅલ એગ્સમાંથી હાલ ૪૩ જેટલાં બચ્યાં છે જે રશિયાના, ઇંગ્લેન્ડના અને અમેરિકાના મ્યુઝીયમ્સમાં સચવાયેલા પડ્યાં છે. કેટલાંક હજુ ‘પ્રાઇવેટ’ હાથોમાં સચવાયા છે. બોલ્શેવિક ક્રાંતિ દરમિયાન અમુક ઈંડાં ચોરાઈ ગયાં હતાં અને કેટલાંક બોલ્શેવિકોએ વેંચી માર્યા હતાં. આથી પશ્ચિમી દેશોમાં ઈંડાંઓની છૂટીછવાઈ હાજરી પરખાય છે. ચોરાયેલાં ઈંડાંમાંથી પણ ઘણાં વેંચાઈ ગયાં ને હાલ માત્ર સાત શાહી ઈંડાં ગાયબ છે જેની અંદાજિત કિંમત ૩૦૦ મિલિયન ડોલર જટલી છે ! એ સાત ઈંડાંનાં નામોનું લિસ્ટ નીચે જુઓ:

(૧) હેન વિથ સેફિયર પેન્ડેંટ – વર્ષ ૧૮૮૬
(૨) ચેરબ વિથ ચેરીઓટ – વર્ષ ૧૮૮૮
(૩) નેસેસેર – વર્ષ ૧૮૮૯
(૪) મોવ – વર્ષ ૧૮૯૭
(૫) એમ્પાયર નેફરાઈટ – વર્ષ ૧૯૦૨
(૬) રોયલ ડેનિશ – વર્ષ ૧૯૦૩
(૭) એલેકઝાન્ડર થ્રી કોમ્મેમોરેટીવ – વર્ષ ૧૯૦૯

આ દરેક નામ સોનાની વરખ ચઢાવેલા ઈંડાંની અંદરની સુશોભિત ડીઝાઈન પ્રદર્શિત કરે છે. જો કે ઉપર્યુક્ત બધાં જ ઈંડાં ખોવાયાં જ છે એવી ચોક્કસ મહોર ન મારી શકાય, પરંતુ ૯૯% જરૂર કહી શકાય કે તેમનો હાલ પત્તો નથી.

આખરે આ સાતેય ઈંડાં ગયા ક્યાં એ કોયડારૂપ પ્રશ્નનો જવાબ શોધવા ઘણાં સાહસિકો અને ઇતિહાસવિદ્દો હાલ પ્રયત્નો કરી રહ્યાં છે, પરંતુ હજુ સુધી ઈંડાં હાથ લાગ્યાં નથી. આટલાં કિંમતી ઈંડાં શું ચોરાઈ ગયાં છે ? નષ્ટ કરી દેવામાં આવ્યા છે ? છૂપાવી દેવામાં આવ્યાં છે ? જેવા કેટલાય પ્રશ્નો ઊભા થયા છે. હવે તો બિનમાલિકીનાં આ સાત ઈંડાંને કબજે કરવાનો કોયડો જ સાહસિકો માટે રસનો વિષય બન્યો છે.

આવા જ કેટલાક બીજા ખજાનાઓ વિશે જાણીશું આવતા અંકમાં. ત્યાં સુધી કદાચ આ ખજાનાઓમાં મન પરોવાઈ જાય તો નવાઈ નહીં.

• પરમ દેસાઈ

ટેક્નો-નોલેજ

ડ્યુઅલ કેમેરાફોનની સમજવા જેવી ટેક્નોલોજી



દેશ-દુનિયામાં દરરોજ અવનવાં સંશોધનો થતાં રહે છે. નવા ઉગતા દરેક દિવસ સાથે વર્તમાન ટેક્નોલોજી પુરાણી થઇ જાય છે. આવી જ, એન્ડ્રોઇડ ફોનની વર્તમાન કેમેરા સિસ્ટમને ‘આઉટડેટેડ’નું લેબલ મારવા તૈયાર 'ડ્યુઅલ કેમેરા સિસ્ટમ' મોબાઈલ કંપનીઓના દરવાજે ટકોરા મારી રહી છે. તો ચાલો, જાણીએ ડ્યુઅલ કેમેરાફોનની આશ્ચર્યજનક ટેક્નોલોજીનું A to Z.

નમસ્કાર મિત્રો ! આજકાલ યુવાનીયાઓને ફોટોગ્રાફીનો ખૂબ જ શોખ જાગ્યો છે. જેનું એક કારણ છે મોબાઇલ ફોનની અંદર આવેલા ભારી ભરખમ કેમેરા, કેમેરાના feature અને બીજું DSLR CAMERA. તો આજે એવા જ અને નવા જન્મેલા અને હાલ માં ભારે ચર્ચા માં રહેલા “ડ્યુઅલ કેમેરા” વિશે વાત કરીએ.



મોબાઇલ ફોનમાં ડ્યુઅલ કેમેરાને સામાન્ય લોકોએ સ્વીકાર્યું કારણકે હાઈ બજેટ DSLR ખરીદવા મધ્યમ વર્ગના લોકો માટે થોડું મુશ્કેલ હોય છે. આ મોબાઇલમાં ડ્યુઅલ કેમેરા હોવાથી મોબાઇલનો મોબાઇલ અને કેમેરાનો કેમેરો થઈ જાય. તેથી એક બજેટમાં ફોટોગ્રાફીનો શોખ પણ પૂરો કરી શકાય અને સારો એવો સ્માર્ટફોન પણ હોય. મુખ્ય રૂપથી આ ફોટોગ્રાફીના શોખએ ભારે સરાહના કરી આ ડ્યુઅલ કેમેરા સિસ્ટમ ની.

સામાન્ય રીતે તો ડ્યુઅલ કેમેરા આંખની જેમ વર્તે છે. જે રીતે આપણી આંખોની સિસ્ટમ છે એ જ રીતે ડ્યુઅલ કેમેરાની સિસ્ટમ છે. ડ્યુઅલ કેમેરા મોબાઇલમાં ૨ લેન્સ આવેલા હોય છે. જે પૈકી એક લેન્સ સામાન્ય વસ્તુનો ચિત્ર લેવામાં મદદ રૂપ થાય છે અને બીજો અથવા તો secondary leans એ તે ચિત્રની પહોળાઈ અથવા તો ઊંડાઈ પારખી મુખ્ય ચિત્ર વસ્તુને તેના પૃષ્ઠભૂમિથી જુદું કરી ચિત્ર વસ્તુને સ્પષ્ટ કરે છે. સાદી ભાષામાં કહું તો Background ને Blur કરે છે.

મોબાઇલ ફોનની અંદર આવા બે સેન્સરવાળા લેન્સનો ઉપયોગ સૌપ્રથમ HTC Company દ્વારા ૨૦૧૧માં કરવામા આવ્યો જ્યારે તેઓ HTC Evo 3D ને બજાર સમક્ષ મૂકી રહ્યા હતા.ત્યારબાદ ૬ વર્ષમાં સ્માર્ટફોન ટેકનોલોજીમાં ધરખમ બદલાવ થયા હોવાથી હાલમાં તેમા અલગ અલગ પ્રકારના કેમેરા સેન્સર ઉપયોગમાં આવ્યા.

ડ્યુઅલ કેમેરાના ૫ જુદા પ્રકારના સેન્સરવાળા લેન્સ ઉપયોગમાં લેવાય છે:

૧ **Basic Dual Lens**

૨ **Wide-Angle Lens**

3 **Telephoto Lens**

૪ **RGB + Monochrome Lens**

૫ **RGB + Monochrome Lens With Bothie Technology**

આપણે આજે આ પાંચેય પ્રકાર વિશે માહિતી મેળવશુ. તો ચાલો જાણવા આ ડ્યુઅલ કેમેરા ના જુદા લેન્સ વિશે. અને સમજીએ આ ડ્યુઅલ કેમેરાની જાણવા જેવી ટેકનોલોજી.

આ ડ્યુઅલ કેમેરા મહત્તમ સોફ્ટવેર પર આધાર રાખે છે. ઘણી કંપનીઓ એ આ સોફટવેર અને ટેકનોલોજીનો ઉપયોગ સિંગલ કેમેરા લેન્સ સાથે પ્રયાસ કર્યું પણ તેઓ એટલા સફળ થઈ શક્યા નહીં.



Basic Dual Lens

સૌપ્રથમ Basic Dual Lens ની વાત કરીએ આ પ્રકારના લેન્સમાં બે કેમેરા સેન્સર આવેલા હોય છે. તે એક બીજાની નજીક ઊભી કે આડી રીતે ગોઠવાયેલા હોય છે. આ પ્રકારની ગોઠવણીમાં બન્ને કેમેરા સમાન "Resolution Power" ના અથવા બીજો કેમેરો ઓછા "Resolution Power" વાળો હોય છે. આવી ગોઠવણીને લીધે પ્રાથમિક કેમેરો કોઈ વસ્તુ કે વ્યક્તિ પર કેન્દ્રિત રહે છે અને દ્વિતીય કેમેરો પૃષ્ઠભૂમિની પહોળાઈ અથવા ઊંડાઈનું માપન કરી પૃષ્ઠભૂમિને વસ્તુથી જુદી કરી પાછળના ભાગને Blur કરવાનું કાર્ય કરે છે. સામાન્ય બજેટવાળા સ્માર્ટફોનમાં આ પ્રકારની કેમેરા સિસ્ટમ હોય છે. જેનો સ્માર્ટફોન માર્કેટમાં ખૂબ બહોળો વેચાણ કરવામાં આવે છે.

બ સામાન્યતઃ સેલ્ફી કેમેરા જે ડ્યુઅલ કેમેરા સેન્સર ધરાવતા હોય તે Basic Dual Lens સિસ્ટમ ધરાવતા હોય છે. જેની મદદથી સેલ્ફી પિક્ચરમાં પાછળનો બેકગ્રાઉન્ડ સ્પષ્ટપણે દેખાય નહીં. આજકાલ તો Oppo અને Vivo આ પ્રકારના કેમેરામાં અવ્વલ સ્થાન ધરાવે છે.

Wide-Angle Lens

આ પ્રકારની લેન્સ ટેકનોલોજી સૌપ્રથમ LG કમ્પનીએ ઉપયોગમાં લીધેલી છે. આ પ્રકારની ટેકનોલોજીમાં "ફિશી લેન્સ" ગોઠવેલા હોય છે. ફિશી લેન્સ એટલે એવા પ્રકારની લેન્સ ગોઠવણી, જેમાં માછલીની આંખો ગોઠવાયેલી હોય એ રીતે લેન્સ ગોઠવાયેલા હોય છે. આમ કરવાથી વધારે જગ્યાને કેમેરા માં કેદ કરી શકાય છે. દ્વિતીય કેમેરો વધારે જગ્યાને આવરી લેતા આવા કેમેરા વડે લીધેલી ઇમેજમાં વધારે જગ્યા આવે છે. અને પ્રથમ કેમેરો એ વસ્તુને સ્પષ્ટ કરે છે. વધારે નજીકથી અને વધારે જગ્યા કેદ કરી શકાતી હોવાથી આ સિસ્ટમને" Wide-angle Lens" સિસ્ટમ કહેવામાં આવે છે.

આ ગોઠવણીથી ફોટામાં વધારે જગ્યા અને વધારે સ્પષ્ટ ચિત્ર મેળવી શકાય છે જેથી આ સિસ્ટમ Basic Dual Lens સિસ્ટમ કરતા સારી ઇમેજ લેવામાં મદદરૂપ થાય છે. પણ હા, આ પ્રકારના કેમેરા વાળા મોબાઈલ ફોન ની કિંમત થોડી વધારે હોય છે.

હાલમાં બજારમાં આવેલ Oppo F3 અને Oppo F3 Plus ના Frount કેમેરામાં આજ પ્રકારના "Wide-angle Lens" નો પ્રયોગ કરવામાં આવ્યો છે. જે ગ્રુપ સેલ્ફી લેવા માટે અને આજ કાલના યુવાઓ માટે ખૂબ જ ઉપયોગી છે. Oppo એ તેને નામ આપ્યું છે "Groupies."

Telephoto Lens

આ ટેકનોલોજીનો ઉપયોગ મોબાઇલ કંપનીઓમાંની સર્વશ્રેષ્ઠ કંપની "સફરજન" એટલે કે "Apple" એ કર્યો છે ! આ ટેકનોલોજીમાં બહારની તરફ નીકળેલા કેમેરાની ગેરહાજરી જોવા મળે છે. આ કેમેરા સિસ્ટમ "Perfect Zooming" માટે ઉપયોગી છે. આ પદ્ધતિમાં દ્વિતીય કેમેરા તરીકે "Telephoto Lens" નો પ્રયોગ કરવામાં આવે છે.

Telephoto Lens ની અતિ "વધારે કેન્દ્ર લંબાઈ" ને કારણે આ લેન્સ Perfect Zooming કરી શકે છે. અને આ સેન્સરની મદદથી ઇમેજની સ્પષ્ટતા કે Detail ગુમાવ્યા વગર Zoom કરેલો ફોટો લઇ શકાય છે.

Apple એ iPhone 7 Plus માં આવા વધારે કેન્દ્ર લંબાઈ વાળા Telephoto Lens નો પ્રયોગ કર્યો છે જેની મદદથી તેનો કેમેરો આટલો સફળ નીવડ્યો છે. અને ત્યાર બાદ બજારમાં આવેલ OnePlus 5 માં "૧.૬X કેન્દ્ર લંબાઈ વાળા" લેન્સનો પ્રયોગ કર્યો છે. હાલમાં ડ્યુઅલ કેમેરાની DSLR Mode વાળી સૌથી સારી ટેકનોલોજી Telephoto Lens System છે.

RGB+ Monochrome

"Huawei" કંપની ડ્યુઅલ કેમેરા સિસ્ટમમાં સૌથી અગ્રેસર છે. તેણે આ અલગ જ પ્રકારના સેન્સરનો પ્રયોગ તેના ડ્યુઅલ કેમેરામાં કર્યો છે. અહીં "RGB" નો અર્થ થાય છે(Red, Green and Blue). RGB કેમેરા સિસ્ટમ ત્રણ વિભિન્ન "CCD" પ્રકારના સેન્સર ધરાવે છે જેની મદદથી આ પ્રકારના કેમેરા મુખ્ય ત્રણ કલર રાતો, લીલો અને ભૂરો (વાદળી) રંગને અલગ અલગ ઓળખી જુદા પાડે છે. RGB કેમેરા એ ચોક્કસ કલરવાળા ઇમેજના સંપાદનમાં ઉપયોગી છે. અહીં Huawei એ ડ્યુઅલ કેમેરામાં RGB નો ઉપયોગ તો કર્યો પણ સાથે સાથે દ્વિતીય કેમેરા સેન્સર તરીકે "Monochrome" સેન્સરનો પ્રયોગ કર્યો છે જેની મદદથી ઓછા પ્રકાશમાં પણ ચોક્કસ વસ્તુનો વધારે

પ્રકાશ સાથે ફોટો લઈ શકાય. Monochrome એટલે એક રંગ વાળું અહીં ફોટોગ્રાફીના અર્થમાં 'કોઈ પણ અલગ રંગવાળા વ્યક્તિ અથવા વસ્તુને પણ સારી રીતે પારખવું તે.'

આ પ્રકારનો કેમેરો વહેલી સવારના ભાગમાં અથવા તો સમી સાંજે ફોટા પાડવામાં ઉપયોગી થાય છે અને હાલમાં આવા સાંજના સમયે ફોટોગ્રાફી કરવાના શોખીન વ્યક્તિઓ માટે આશીર્વાદ સમાન ગણાવી શકાય.

RGB + Monochrome Lens With Bothie Technology

આ સિસ્ટમનો ઉપયોગ હાલમાં જ મોબાઇલ કંપનીઓમાં મોખરે રહેલી અને હવે સ્માર્ટફોન બજારમાં પગ પસારો કરી રહેલી Nokia એ કર્યો છે. તેમાં એકસાથે 3 કેમેરા કામ પર લગાવી શકાય છે. ઉપરના બધા પ્રકારમાં પાછળ અથવા તો આગળ એક સાથે ૨ કેમેરાનો ઉપયોગ કરી સારી ઇમેજ લઇ શકાય છે પણ Bothie Technology કંઈક જુદી જ છે. આ સિસ્ટમનો પ્રયોગ Nokia એ તેના મોડલ ૮માં લૉન્ચ કર્યો છે.

હાલમાં Social Media પર જુવાનિયાઓ Post મૂકતાં હોય કે આજે અહીંયા છે અને આજે અહીંયા છે પણ આ Social Media પર તો કોઈ પણ મૂકી શકે. જો તે વ્યક્તિ પોતાના ઘરે હોય છતાંય દુનિયાને એવા ભ્રમમાં લઇ શકે કે આજે આ વ્યક્તિ ક્યાંક બહાર છે. અને હવે કોઈ આવી Post પર વિશ્વાસ નથી કરતા.

આ Bothie કેમેરાની મદદથી તમે મોબાઇલના પાછળના કેમેરા અને આગળના કેમરા બંનેનો પ્રયોગ સાથે કરી શકો છો. તેથી તમે જે જગ્યાએ છો ત્યાનું દૃશ્ય તમે તમારા મોબાઇલમાં આવેલ પાછળના ડ્યુઅલ કેમેરાનો પ્રયોગ કરી તે દૃશ્યને કેદ કરી શકો છો અને આગળના કેમેરાની મદદથી તમારી હાજરી દર્શાવી શકો છો. એટલે કે એક જ ઇમેજ માં પાછળનો દૃશ્ય અને તમારી હાજરી બંને આવી જાય તેથી આવા ફોટાને Nokia એ Bothie (Both: બંને) નામ આપ્યું છે.

આ મોબાઇલમાં પાછળ એક કેમેરો RGB અને બીજો Monochrome છે જે સારા ફોટા લેવા માટે ઉપયોગી છે. આ સિસ્ટમમાં RGB અને Monochrome લેન્સ હોવાથી સારા અને સુસ્પષ્ટ ઇમેજ તો લઇ જ શકાય છે પણ આગળના ભાગને પણ સાથે આવરી શકાય છે, તેથી આ ટેકનોલોજી અત્યારની સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે

હવે ડ્યુઅલ કેમેરાનો ઉપયોગ કઇ રીતે કરવો...? તો મિત્રો, આ કેમેરાની મદદથી તમે સારા ઇમેજને તમારા મોબાઇલમાં કેદ કરી શકશો અને એ પણ સાદા કેમેરાની જેમ જ. જો તમારે પાછળની પૃષ્ઠભૂમિને અસ્પષ્ટ રાખવી હોય, તો તમારે માત્ર મોડ બદલવાનો રહેશે.

ઘણા મોબાઇલ ફોનમાં આ મોડનું નામ DSLR મોડ હોય છે. એ વિકલ્પને પસંદ કરતાં જ તમે DSLR કેમેરા જેવા ફોટા લઇ શકશો. ઘણા મોબાઇલમાં આ મોડનું નામ Blurr મોડ પણ હોય છે..

સારા ફોટોગ્રાફીના લેવલ વાળા ઇમેજ લેવા માટે તમારી પૃષ્ઠભૂમિમાં પ્રકાશનું પ્રમાણ સહેજ વધારે હોવો જોઇએ અથવા તો પાછળની બાજુ એ વધારે માણસોની હાજરી હોવી જોઇએ.

બસ એક ક્લિકથી તમે તમારા મોબાઇલને કેમેરામાં તબદીલ કરી શકો એવી ટેકનોલોજી એટલે ડ્યુઅલ કેમેરા સિસ્ટમ.

તમને એ સવાલ થશે ખરો જ કે ડ્યુઅલ કેમેરાનો પરિણામ સારો કે સિંગલનો ??... તો તમને જણાવી દઉં કે હાલના સમયના બેસ્ટ પરિણામવાળા મોબાઇલ કેમેરામાં નામ આવે તેવા HTC U11 , Samsung Galaxy S8 અને Google Pixel જેઓ સિંગલ કેમેરા સિસ્ટમ ધરાવે છે. ડ્યુઅલ કેમેરાવાળા મોબાઇલ બનાવતી કંપનીઓ સામાન્ય બજેટમાં સારા પ્રમાણના કેમેરા સેન્સરનો પ્રયોગ કરી શકતા નથી જેથી હાલમાં સિંગલ કેમેરાવાળા મોબાઇલ ફોનનો દબદબો છે.

ડ્યુઅલ કેમેરા સિસ્ટમમાં હાર્ડવેર કરતા સોફ્ટવેર પર આધાર વધારે છે તેથી નજીવા ભવિષ્યમાં ડ્યુઅલ કેમેરા ફોન ખૂબ સારો એવો દેખાવ કરી શકશે

*

● ઉદય ભાનુશાલી

એક અજાણ્યું પ્રકરણ

રાણી કર્ણાવતી: અમર બનવા સર્જાયેલી, છતાં ઇતિહાસમાં ભૂલાયેલી વીરાંગનાના જૌહરની સત્યકથા



શીર્ષકમાં જ કહી દીધું છે કે ઇતિહાસમાં ભૂલાયેલી એક રાણીનાં પરાક્રમની વાત છે, તેથી મનમાં જો રાણી પદ્માવતીનો (આજકાલ જે સતત ચર્ચામાં છે) ખ્યાલ આવ્યો હોય, તો કાઢી નાખજો. વાત થઇ રહી છે મહારાણા પ્રતાપના પ્રતાપી દાદીમાંની- રાણી કર્ણાવતીની. આજે વાંચો તેમનાં જૌહરની અજાણી સત્યકથા.

ફેબ્રુઆરી-માર્ચ, ૧૫૩૫.

સવારની સોનેરી કિરણો મધ્ય-ઉત્તર ભારતના મેદાની પ્રદેશો પર પથરાઈ રહી હતી. શિયાળો પૂરો થઇ રહ્યો હતો, તેથી હાડ થીજવતાં ઠારને બદલે ગુલાબી, તાજગીદાયક ઠંડક પ્રસરેલી હતી. માળું છોડી ખોરાકની શોધમાં નીકળતાં અને કલરવ કરતાં પક્ષીઓ, કામે જતાં ખેડૂતો, વગડા ભણી ધસી જતાં ગાય-બકરીઓના ટોળાંઓ-આ બધું એક આહ્લાદક અનુભૂતિ કરાવતું હતું.

આળસ મરડીને બેઠી થયેલી, સંપૂર્ણ ખીલવા મથતી કુદરતના આવાં અવનવા રંગો પ્રત્યે અનાસક્ત એક ઘોડેસવાર પૂરઝડપે ઘોડો દોડાવતો બંગાળ તરફ આગળ વધી રહ્યો હતો. તેનો લિબાસ સાદો હતો, પણ મકસદ, બેશક નહીં !

એ ઘોડેસવાર મેવાડનો સંદેશવાહક હતો. અલબત્ત, અત્યારે તે મેવાડની એકમાત્ર જીવાદોરી હતો. પોતાની જવાબદારીનું તેને સારી રીતે ભાન હતું, તેથી જ કેટલાંય કલાકોથી આરામ કર્યા વગર તે સતત મુસાફરી કરી રહ્યો હતો. મેવાડનાં રાણી કર્ણાવતીએ લખાવેલો સંદેશો અને સાથે આપેલો એક સંપેતરો તેને મોગલ બાદશાહ હુમાયુ સુધી પહોંચાડવાનો હતો, જેમ બને તેમ જલ્દી !

લાંબી મુસાફરી પછી આખરે દૂરથી હવામાં ફરફરતો લીલો ધ્વજ દેખાયો. એ ધ્વજ મોગલ સામ્રાજ્યનો હતો. જેમ-જેમ અંતર ઘટતું ગયું તેમ-તેમ ઘોડેસવારની આશાઓ વધતી ગઈ. ધ્વજની લીલી પૃષ્ઠભૂમિમાં મોગલોનાં શૌર્ય અને નવા, મહાન સામ્રાજ્યનો ઉદય દર્શાવતી સિંહ અને ઉગતા સૂર્યની આકૃતિઓ વધુ સ્પષ્ટ થઇ. મોગલ છાવણી આવી પહોંચી.

પાણીપતની પ્રખ્યાત લડાઈમાં ઇબ્રાહિમ લોદીને શિકસ્ત આપ્યાં પછી બાબરે ભારતમાં મોગલ સામ્રાજ્યના પાયા નાખ્યાં, જેને મજબૂત કરવાનું કામ બાબરના મૃત્યુ પછી તેના પુત્ર નસિરુદ્દીન મોહમ્મદ હુમાયુના ભાગે આવ્યું. હુમાયુ અત્યારે તેના કટ્ટર શત્રુ શેરશાહ સુરીનું સુરસુરીયું કરી દેવાના આશયથી બંગાળ પર હુમલો કરવાની તૈયારીમાં વ્યસ્ત હતો. વિશાળ સેના સાથે તેણે શેરશાહના



બાબર પછી સત્તામાં આવેલો મોગલ બાદશાહ હુમાયુ

'ઇલાકા' પાસે પડાવ નાખ્યો હતો.

મેવાડથી આવેલા ઘોડેસવારને છાવણીના પ્રવેશદ્વાર પાસે ભાલાધારી મોગલ પહેરેદારોએ રોકી પાડ્યો. થોડી રકઝક પછી તેઓ તેને બાદશાહ હુમાયુ પાસે જવા દેવા બાબતે સંમત થયા. સૈનિકો તેને છાવણીના એક વિશાળ તંબુ સુધી દોરી ગયાં. હુમાયુ ત્યાં આરામ ફરમાવતો હતો. મેવાડનો સંદેશો તેને વાંચી સંભળાવવામાં આવ્યો જે રાણા વિક્રમાદિત્ય વતી તેમનાં માતા રાણી કર્ણાવતીએ લખાવ્યો હતો. સંદેશામાં તેમણે હુમાયુને મદદની અરજ કરી હતી.


હકીકતે વાત એમ બની કે, મેવાડની રાજધાની ચિત્તોડ પર ગુજરાતના સુલતાન બહાદુરશાહે આક્રમણ કર્યું હતું. અચાનક થઇ પડેલા હુમલાને ખાળવા મેવાડની સેના પૂરી રીતે તૈયાર ન હતી. પાડોશી રાજપૂત રાજાઓએ મદદે આવવાની ના પાડી દીધી, તેથી બીજો કોઈ રસ્તો ન બચતાં રાણી કર્ણાવતીએ યુદ્ધના સંચાલન માટે હુમાયુનું માર્ગદર્શન માંગ્યું હતું. આમ પણ, મોગલ ફોજની યુદ્ધનીતિ અને શિસ્તબદ્ધતા અન્ય ફોજો માટે ઉદાહરણ હતી. સંદેશા સાથે રાણીએ ભેટ તરીકે રેશમની એક દોરી મોકલાવી હતી-રાખડી !



પ્રસ્તુત નકશામાં મેવાડનું સ્થાન જુઓ

હુમાયુ માટે આવો પ્રસંગ પહેલીવારનો હતો. જે વાતાવરણમાંથી તે આવતો હતો એ જોતાં તો અકલ્પ્ય જ કહેવું પડે, છતાં એ સમયે તેને રાજપૂતોની ખુમારીનો બરાબર અંદાજો મળી રહ્યો હતો. સ્થિતિ અસમંજસની હતી. એક તરફ નવી બનેલી બહેનનું મુશ્કેલીમાં મૂકાયેલું 'વિધર્મી' સામ્રાજ્ય હતું, તો બીજી તરફ, આક્રમણકારી સુલતાન તેનો ધર્મભાઈ હતો. નિર્ણય લેવામાં હુમાયુએ થોડા કલાકો લીધા. આખરે તેણે રાણી કર્ણાવતીની મદદે જવાનું નક્કી કર્યું અને શેરશાહને ખોંખરો કરવાનું પડતું મૂકી મેવાડ તરફ કૂચ આદરી.

મેવાડની શાસનધુરા અત્યારે મહારાણા સંગ્રામસિંહના (વધુ જાણીતું નામ: રાણા સાંગા) ત્રીજા નંબરના પુત્ર રાણા વિક્રમાદિત્યસિંહનાં અપરિપક્વ હાથમાં હતી. (મહારાણા એટલે મુખ્ય પ્રધાન. મેવાડના શાસકો એકલિંગજીના પ્રતિનિધિ છે અને તેમના વતી શાસન ચલાવે છે, એમ તેમનું માનવું હતું.) રાણા વિક્રમાદિત્ય સગીર હતાં. રાજકીય કાવદાવાઓ સમજવા માટે હજુ અસક્ષમ હતાં, તેથી તેમનાં માતા રાણી કર્ણાવતી પુત્રના નામે રાજકાજ ચલાવતાં હતાં. મેવાડના, રાણા સાંગાના મૃત્યુ પછી અસ્પષ્ટ બનેલા ભવિષ્ય માટે મશાલનું કામ આપી રહ્યા હતાં.


ભારતનો સૌથી મોટો કિલ્લો, ચિત્તોડગઢ ! માછલીના આકારમાં ફેલાયેલા કિલ્લાનો ઘેરાવો પૂછતાં હોવ, તો જાણી લો-૬૯૧.૯ એકર !!

આગળ વધતાં પહેલાં સમયના ચકરડાને ઊલટો ફેરવીને એક નજર ભૂતકાળમાં કરી આવીએ, જેથી એ વખતની રાજનીતિક અને રણનીતિક પરિસ્થિતિ સમજવામાં સરળતા રહે.

મેવાડ, મધ્યયુગી રાજપૂતાનામાં સૌથી વધુ રાજકીય ચડાવ ઉતારનું કેન્દ્રબિંદુ, જ્યાં વર્ષોથી બપ્પા રાવલના વંશજો રાજધાની ચિત્તોડમાં રહીને શાસન કરતાં આવ્યા હતાં. સ્થાનિક શાસક ચિત્રાંગદ મોરીએ ચિત્તોડનો કિલ્લો બંધાવ્યા પછી આઠમી સદીથી ગુહિલા વંશના

(ગુહિલા= ગેહલોત) રાવલ રાજાઓ અહીં રાજપાઠ ચલાવતા હતાં. ઇસવીસન ૧303માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ ચિત્તોડ પર આક્રમણ કર્યા પછી તે થોડો સમય ખીલજીના કબ્જામાં રહ્યો, જેને આખરે સિસોદિયા રાજપૂત હમીરસિંહે પાછો હસ્તગત કરી લીધો.

મેવાડ પાસે એક સમયે બુંદી સામ્રાજ્ય તરીકે ઓળખાતો હાડૌતી પ્રદેશ આવેલો છે, ત્યાં રાણી કર્ણાવતીનો જન્મ થયો.(હાડૌતી પ્રદેશ અહીં શિયાળુ મૌસમ દરમિયાન આવતાં વિવિધ યાયાવર પક્ષીઓ માટે મશહૂર છે.) નાની ઉંમરમાં જ તેમનું સગપણ રાણા રાયમલના પુત્ર અને વિખ્યાત મહારાણા કુંભાના પૌત્ર રાણા સાંગા સાથે નક્કી થયું. (અલબત્ત, તેઓ રાણા સાંગાના એકમાત્ર પત્ની ન હતાં. પ્રચલિત મત પ્રમાણે રાણા સાંગાની ૩-૫ પત્નીઓ હતી.) અહીં એક વાત નોંધવી જ પડે કે, મેવાડને એક બચુકડા રાજ્યમાંથી વિશાળ સામ્રાજ્ય બનાવવા માટેનો પાયો રાણા કુંભાએ નાખ્યો હતો. એક ઉદાર, કલાપ્રિય અને શક્તિશાળી શાસકની સાથે સાથે તેઓ અચ્છા સંગીતકાર પણ હતાં. વીણા વાદનમાં તેમની અદ્ભુત હથોટી હતી. તેમણે રચેલાં 'સંગીતરાજ', 'સંગીતમીમાંસા' અને 'સુતપ્રબંધ' જેવા ગ્રંથોથી સંગીતનો કોઈ રસિયો અજાણ નહીં જ હોય.

હવે વિચારો કે, કૂવો આટલો સમૃદ્ધ હોય, તો અવેડાનું શું કહેવું ! રાણા સાંગા તો બહાદુરીમાં દાદાને પણ આંટી ગયાં. અંદરોઅંદર લડતાં રાજપૂત શાસકો અને સરદારોને તેમણે પોતાની છત્રછાયા તળે ભેગાં કર્યા અને માળવા, ઇડર, મંદસૌર તથા ગુજરાતના વિજય અભિયાનો થકી મેવાડનું સામ્રાજ્ય ઓર ફેલાવ્યું. લશ્કરી સહકાર વધારીને રાજપૂત રજવાડાઓમાં પરસ્પર વિશ્વાસ પેદા કરવાની તેમની રણનીતિ અમુક અંશે સફળ રહી. દિલ્હીના સુલતાન ઇબ્રાહિમ લોદીને પણ તેમણે પરાસ્ત કર્યો હતો. સોળમી સદીનો બીજો દશકો આથમી રહ્યો હતો એ સમયે (વર્ષ, અનુક્રમે ૧૫૧૮ અને ૧૫૧૯) ખાટોલી તથા ધોલપુર ખાતે રાજપૂતોની સંયુક્ત સેનાઓ સામે ઇબ્રાહિમ લોદીની સેના ટકરાઈ અને બંને વખતે રાજપૂત શૂરવીરોએ લોદીને શિકસ્ત આપી.

રાણા સાંગાની મહેચ્છા દિલ્હીના તખ્ત પર બિરાજવાની હતી, પણ ઇબ્રાહિમ લોદી આડે આવતો હતો. રાણાના હાથે ભલે તેણે હાર ખમી હોય, પણ તેની શક્તિઓને નજરઅંદાજ કરવું રાજપૂતોને પોસાય એમ નહોતું, તેથી રાણાએ ચાણક્ય દાવ ખેલ્યો. તેમણે મૂળ અફઘાન એવા ઝહિરુદ્દીન મોહમ્મદ બાબરને દિલ્હી પર આક્રમણ કરવાનું આમંત્રણ આપ્યું. (કેટલાંક ઐતિહાસિક દસ્તાવેજો પણ આ વાતને સમર્થન આપે છે.) બાબર અને લોદી લડી લડીને એકબીજાને પાયમાલ કરી નાખે, અને


શરીરમાં કુલ મળીને ૮૦ જખમ, યુદ્ધમાં એક હાથ, એક આંખ ગુમાવેલાં, લંગડાતાં છતાં ખુમારીથી શોભતાં મેવાડના રાણા સાંગા ઉર્ફે મહારાણા સંગ્રામસિંહ

પરિણામે દિલ્હીના નબળા બનેલા કિલ્લામાં રાજપૂતો ગાબડું પાડી દે એવી તેમની યોજના હતી.

બાબર જોકે, અલગ માટીનો નીકળ્યો. અન્ય આક્રમણખોરોની જેમ તેને માત્ર લૂંટમાં રસ ન હતો, પરંતુ

પોતાનું અલાયદું સામ્રાજ્ય વિકસાવવું હતું. લશ્કરી દાવપેચ ઘડવામાં પણ માહિર ! તેણે પાણીપતના પ્રખ્યાત યુદ્ધમાં ઇબ્રાહિમ લોદીને હરાવી-મરાવીને દિલ્હી પર કબ્જો કરી લીધો. બદલાયેલા સમીકરણો પ્રમાણે હવે રાણા સાંગા અને બાબર એકબીજાના શત્રુ બન્યા.

સત્તાનો સંઘર્ષ આખરે યુદ્ધમાં પરિણમ્યો. એ યુદ્ધ, જે માત્ર દસ કલાકમાં પૂરું થઇ જવાનું હતું. વાત ખાનવાની લડાઈની થાય છે. ૧૫૨૭ની સાલ હતી. શિયાળાની જામતી જતી ઋતુ હતી, અને સાથે હતાં મોગલોનાં ગરમ લોહીથી તલવારનો અભિષેક કરવા તત્પર રાજપૂતો ! લડાઈ શરુ થઇ, પણ માળવાના સરદાર શિલાદિત્યએ અગાઉથી જ બાબર સાથે બનાવેલી યોજના અનુસાર દગો કર્યો અને પોતાના ત્રીસ હજાર સૈનિકો સાથે દુશ્મન છાવણીમાં જઈ ભળ્યો. રાણાએ હિંમત હાર્યા વગર ટક્કર આપી, પણ બાબરની તોપો સામે રાજપૂતી તલવારની ધાર બુઠ્ઠી પડી. નવો મોરચો રચવા જતાં રાણા બેહોશ થઈને ઘોડા પરથી ઢળી પડ્યાં. તેમના મોતની અફવાએ રાજપૂત છાવણીમાં હાહાકાર મચાવી દીધો અને યુદ્ધ રાજપૂતોની પીછેહઠ સાથે પૂરું થયું.

રાણાને તેમના સહાયક અને મારવાડના રાઠોડ સરદાર સહીસલામત રીતે યુદ્ધમેદાનથી દૂર લઇ આવ્યા, જ્યાં ભાનમાં આવ્યા પછી તેમને હારના સમાચાર આપવામાં આવ્યાં, પણ તેઓ હાર સ્વીકારવા તૈયાર ન હતા. તેમણે ત્યાં જ પ્રતિજ્ઞા લઇ લીધી કે જ્યાં સુધી તેઓ બાબરને નહીં હરાવી લે, ત્યાં સુધી ચિત્તોડમાં પગ નહીં મૂકે. પ્રતિજ્ઞા કદાચ પૂરી થઇ શકી હોત, પણ બાબર સાથે લડાઈ મેવાડનું સર્વનાશ નોતરી શકે એવું માનતા અમુક અધિકારીઓએ તેમને ઝેર આપી દીધું. આખરે, ૩૦ જાન્યુઆરી, ૧૫૨૮ના ઉત્તરપ્રદેશના કાલપી ખાતે મેવાડનો સિંહ કાયમ માટે પોઢી ગયો. ઇતિહાસકારો માને છે કે જો બાબરની તોપો ન હોત અને રાજા શિલાદિત્યએ છેલ્લી ઘડીએ દગો ન કર્યો હોત, તો ભારતમાં સવા ત્રણસો વર્ષ ચાલનાર મોગલકાળ તેના ઉદય સાથે જ આથમી ગયો હોત ! આ પ્રસંગ થોડો વિસ્તારથી કહ્યો છે. કારણ આગળ વાંચશો એટલે આપોઆપ ખબર પડી જશે.

રાણા સાંગા પછી તેમના બીજા નંબરના પુત્ર રતનસિંહ બીજાનો રાજ્યાભિષેક થયો (રાણા સાંગાના સૌથી જ્યેષ્ઠ પુત્રનું નામ ભોજરાજ હતું, જેમનું ૧૫૨૬માં અવસાન થયું હતું. તેમના પત્ની એટલે મીરાંબાઈ- હા, ભક્તિ આંદોલનનાં અગ્રણી એવાં કૃષ્ણદીવાની મીરાંબાઈ !) રતનસિંહ બીજાની સત્તા પણ લાંબો સમય ન ટકી શકી. ઇસવીસન ૧૫૩૧માં યુદ્ધ મોરચે તેમનું અવસાન થયું. રાણા સાંગાના ત્રીજા પુત્ર વિક્રમાદીત્યની તાજપોશી કરવામાં આવી એ સમયે તેમની ઉંમર માંડ ૧૪ વર્ષ હતી. મિજાજ મરચાંની ધૂણીને પણ શરમાવે એવો, અને વર્તન… રહેવા દો, વધુ નથી કહેવું.

(મીરાંબાઈનું અપમાન કરીને તેમને વિષ પીવા માટે મજબૂર કરનાર રાણા વિક્રમાદિત્ય જ હતાં એવું ઇતિહાસકારો માને છે.)

રાણી કર્ણાવતીની અસલી ભૂમિકા અહીંથી જ શરુ થઈ. એક તરફ તેમણે તુંડમિજાજી બાળરાજાને સાંભળવાનો હતો, જયારે બીજી તરફ, મેવાડની અસ્થિર બનેલી સત્તાને સંતુલિત કરવાની હતી. શક્તિશાળી શાસકની ગેરહાજરીમાં સ્થાનિક સરદારો બળવો કરી શકે, તેથી તેમને દાબમાં રાખવાં એ ખૂબ મુશ્કેલ કામ હતું, છતાં રાણી કર્ણાવતીએ ગજબની કોઠાસૂઝ વાપરી પરિસ્થિતિને થાળે પાડી. એક તો તેઓ રાજપરિવારમાંથી આવતાં હતાં ઉપરાંત, રાણા સાંગાના પત્ની હતાં, તેથી શાસનની બારાખડી સારી રીતે જાણતાં હતાં. નવા રાજમાતાની છત્રછાયા તળે મેવાડ ફરી બેઠું થઇ રહ્યું હતું,

મેવાડવાસીઓ પણ રોજિંદી ઘટમાળમાં ટેવાતા જતા હતાં પણ,...

આ 'પણ' શબ્દ ભલભલાનાં શ્વાસ અધ્ધર કરી દેવા માટે સક્ષમ છે. મેવાડના કિસ્સામાં તો 'પણ'ની અસર સામ્રાજ્ય હચમચાવી શકવા જેટલી ગંભીર હતી. સ્થિર થઇ રહેલાં સિસોદિયા રાજપૂતોના સામ્રાજ્ય પર ગ્રહણ લગાવવા ગુજરાતનો સુલતાન બહાદુરશાહ ક્યારનો ટાંપીને બેઠો હતો. જૂના વેરની તેને વસૂલાત કરવી હતી.

વેર બંધાયું એ સાલ ૧૫૧૪ની હતી. મેવાડ અને ગુજરાત સલ્તનત વચ્ચે એના પહેલાં સુધી દુશ્મની ન હતી. દુશ્મનીના બીજ રોપાયાં ઇડર સંઘર્ષથી. ઇડરમાં રાઠોડ વંશના રાજકુમારો ભારમલ અને રાયમલ પોતપોતાને અસલી ગાદીવારસ ગણાવતાં હતાં. સંબંધે બંને પિતરાઈ ભાઈઓ હતાં. અંદરોઅંદર મામલો સંભાળી લેવાના બદલે તેમણે બાહરી મદદ લીધી. રાયમલે રાણા સાંગાનો આશરો લીધો, જયારે ભારમલે ગુજરાતના સુલતાન અને બહાદુરશાહના પિતા મુઝફ્ફરશાહ બીજાનો. ત્રણ મોટા યુદ્ધો થયાં, જેમાં અંતે રાજપૂતોનો વિજય થયો અને ઇસવીસન ૧૫૧૭માં રાયમલની તાજપોશી થઇ. પણ, ઇસ. ૧૫૨૦માં મુઝફ્ફરશાહે ફરી ઇડર પર કબ્જો કરી લીધો.

હવે રાણા સાંગાનું દિમાગ ફટક્યું. તેમણે મુઝફ્ફરશાહને બરાબરનો પાઠ ભણાવવાનું નક્કી કર્યું અને સહયોગી સેનાઓ સાથે ગુજરાત પર હલ્લો બોલાવી દીધો. મુઝફ્ફરશાહની સેના રાજપૂતોની ખુમારી, શિસ્ત અને બહાદુરી સામે વામણી પૂરવાર થઇ. સુલતાને રાજધાની છોડી ભાગવું પડ્યું, અહેમદનગર જેવા શહેરોનું પતન થયું અને સલ્તનતી ખજાનો લૂંટાયો. મુઝફ્ફરશાહ માટે આ બહુ મોટો ફટકો હતો, 'સોના તો ગયા' પણ ઈજ્જતના ધજાગરા થયા એ નફામાં !

આખરે ૧૫૨૬માં રાણા સાંગા સાથેનો હિસાબ ચૂકતે ન કર્યાના વસવસા સાથે તેનું મૃત્યુ થયું અને ખૂનામરકી પછી તેનો પુત્ર બહાદુરશાહ સત્તા પર આવ્યો. મેવાડ સાથે



ગુજરાતનો સુલતાન બહાદુરશાહ | મેવાડના રાજમાતા રાણી કર્ણાવતી

બદલાનું પ્રકરણ પણ નવી કલમે શરુ થયું. ઇસ. ૧૫૩૧માં, જયારે રાણા રતનસિંહ (રાણા સાંગાના પુત્ર અને રાણા વિક્રમાદિત્યના મોટાભાઈ) સત્તા પર હતાં ત્યારે ગુજરાતની સેનાએ માળવાના રાજપૂત સરદાર રાજા શિલાદિત્યને હટાવવા આક્રમણ કર્યું અને તેને જીવતો રાખવાના બદલે રાઇસીન આપી દઈને ઇસ્લામ કબૂલવાની શરત મૂકી. શિલાદિત્યએ ગુપ્ત રીતે ચિત્તોડને મદદનો સંદેશ મોકલ્યો તેથી બહાદુરશાહે સેના મોકલી ચિત્તોડના કિલ્લા ફરતે ઘેરો ઘાલ્યો, જેને હટાવવા જતાં રતનસિંહ વીરગતિ પામ્યા.

રિવર્સ ટીક... ટીક.... પૂરું, હવે પાછા ઇસ. ૧૫૩૫માં આવીએ. અત્યારે ચિત્તોડમાં સ્થિતિ ગંભીર હતી, ઓર ગંભીર રૂપ ધારણ કરી રહી હતી. સ્થાનિક સરદારોમાં રાણા વિક્રમાદિત્ય પ્રત્યે સખત નારાજગી હતી. પોતાનાથી વડીલ અને શાણા દરબારીઓને વાત-વાતમાં ઉતારી પાડવાની વિક્રમાદિત્યને આદત હતી, કેટલેક અંશે પોતાની ધાક બેસાડવાનો નઠારો શોખ પણ ખરો !

સરદારો સાથે પણ તેનો વ્યવહાર જુદો ન હતો, તેથી જ મેવાડ પર યુદ્ધ તોળાઈ રહ્યું હોવા છતાં કોઈ સરદાર વિક્રમાદિત્યના પક્ષે લડવા તૈયાર ન હતો.

કર્ણાવતી મૂંઝાયા. તેમણે સરદારોને સમજાવવાની કોશિશ કરી, પણ તેઓએ રાણાના નામે લડવાની તો ઘસીને ના પાડી દીધી. હવે શું કરવું ? તેમણે ચતુરાઈથી કામ લીધું અને સરદારોને ફરી એકઠા કરીને તેમને પોતાની માતૃભૂમિ પ્રત્યેની ફરજો યાદ કરાવી. રાણા માટે નહીં તો મેવાડ ખાતર તેમને લડવાની વિનંતી કરી. સ્થિતિ જ એવી હતી કે તેઓ વિનંતી સિવાય બીજું કશું કરી શકે એમ નહોતાં. યોજના કામ કરી ગઈ અને રાજપૂત સરદારો લડવા તૈયાર થયાં પણ, તેમણે એક શરત મૂકી કે, યુદ્ધ ચાલુ હોય એ દરમિયાન સલામતી ખાતર રાણા વિક્રમાદિત્ય અને નાનાભાઈ ઉદયસિંહ તેમનાં મોસાળ બુંદી જતાં રહે. રાણી સંમત થયા. એક કામ પત્યું.

અલબત્ત, યુદ્ધ જીતવું સહેલું ન હતું. અગાઉના લોહિયાળ સંઘર્ષો અને અભિયાનોને લીધે મેવાડની સેનાનું કદ સીમિત થઇ ગયું હતું, શાહી ખજાનો પણ તળિયાછંટ હતો. બીજી તરફ, બહાદુરશાહની શક્તિઓમાં ધરખમ વધારો થયો હતો. તેના આક્રમણને પહોંચી વળવા બહારથી કોઈ શક્તિશાળી શાસકની મદદ મળે તો વાત બને. ભારતમાં એ સમયે તો એવો એક જ શાસક હતો, નસિરુદ્દીન હુમાયુ. ભૂતકાળમાં થયેલા એક કડવા પ્રસંગને લીધે બહાદુરશાહ સાથે તેના સંબંધો 'આલ ઇઝ વેલ' પ્રકારના ન હતાં એ વાતે રાણી કર્ણાવતી મદદ માટે વધુ આશાવાન હતાં. (એ વિશેની વાત અત્યારે બિનજરૂરી છે, તેથી વર્ણન કરેલ નથી.)

અલબત્ત, હુમાયુના પિતા બાબર સાથે તો મેવાડને પણ દુશ્મની હતી, તો એ થોડી મદદ કરવાનો હતો ? છતાં રાણી કર્ણાવતીએ તેને રાખડી સાથેનો સંદેશો મોકલ્યો. જેમાં જૂની દુશ્મનીને ભૂલી નવા સંબંધ સાથે આગળ વધવાની વાત કરેલી હતી. હુમાયુના શરીરમાં ઝનૂની અફઘાની લોહી દોડતું હતું, છતાં આખરે તો તે માણસ હતો. આમ પણ, માંગણીએ ન બંધાય એ લાગણીએ બંધાય ! અહીં પણ એવું જ થયું. મોગલ બાદશાહે છાવણી ઉપાડી અને નવી બહેનને મદદ કરવા ખાતર મેવાડ તરફ નીકળી પડ્યો.

(એક આડ વાતઃ આજકાલ ઘણાં નંગ ફૂટી નીકળ્યાં છે, જે મોગલોએ હિન્દુ લોકો પર કરેલાં અત્યાચારોના ગાણાં ગાઈ રહ્યા છે. બાબરથી લઈને બહાદુરશાહ સુધીના દરેક બાદશાહે હિંદુઓ પર જુલમો કર્યા છે- એવું તેઓ જનતાના મનમાં ઠસાવી, એકીકૃત ભારતના ફરીથી ભાગલા પાડવા બેઠાં છે. એમની મોટાભાગની વાત કાન પકડીને સાચી, છતાં એ ક્રૂર સમ્રાટોમાં હુમાયુ અને અકબરનું નામ, તેમની ધર્મનિરપેક્ષ નીતિઓને લીધે બાકાત રાખવું પડે, ધરાર રાખવું જ પડે !)

દરમિયાન, ચિત્તોડમાં યુદ્ધ શરુ થઇ ચૂક્યું હતું. યુદ્ધ તો જાણે ખરાખરીનું હતું, પણ બરાબરીનું નહીં. એક તરફ ગુજરાતની સેના સાથે બહાદુરશાહ પોતે હતો, જયારે બીજી તરફ, મેવાડના પક્ષે હતાશ રાજપૂત સૈનિકોમાં નવું જોમ ભરી શકે એવા શેરદિલ સેનાપતિનો અભાવ હતો. દિવસાનુદિવસ બહાદુર શાહની ફૌજ આગળ વધી રહી હતી. કિલ્લાની અંદર પણ એક ખાસ વિધિ એ સાથે પોતાના ચરમ તરફ ધપી રહી હતી. એ વિધિ જૌહરની હતી.

'જૌહર', વર્તમાન પરિસ્થિતિઓ મુજબ આ શબ્દ કદાચ અપ્રસ્તુત લાગે, છતાં એ વખતે રાજપૂત રાજ્યોમાં તે ખૂબ પ્રચલિત હતું. પતિના મૃત્યુ પછી દુશ્મન આક્રમણખોર સામે પોતાના આત્મમાનની રક્ષા કરવા

ખાતર રાજપૂત સ્ત્રી સ્વેચ્છાએ બળતાં અગ્નિમાં ઝંપલાવીને જીવન ટૂંકાવે એને જૌહર કહેવાય. 'સ્વેચ્છા' શબ્દ પર ગૌર કરજો. આ પ્રથા મોટાભાગે શાહી તથા કુલીન વર્ગના કુટુંબોમાં પ્રચલિત હતી જેને પાછળથી ધર્મના બની બેઠેલાં ઠેકેદારોએ સામાન્ય લોકોમાં પણ ફેલાવી મૂકી અને પતિના મૃત્યુ પછી ફરજીયાત સતી થવું જ, એવો કાયદો બનાવી નાખ્યો.

વાતાવરણ નિરાશાથી લિપ્ત હતું. અગ્નિકુંડની પૂજા થઇ રહી હતી. પવિત્ર મંત્રો ગવાઈ રહ્યા હતાં. લાલ પહેરવેશમાં સજ્જ કિલ્લાની સ્ત્રીઓ હવનકુંડ ફરતે પ્રદક્ષિણા કરી રહી હતી. જેવો દુશ્મન કિલ્લામાં ઘૂસે કે તરત તેમણે પડતું મેલીને જાત જલાવી દેવાની હતી. મેવાડની સિંહણ એટલે કે રાજમાતા રાણી કર્ણાવતી પણ જૌહર કરવાના હતાં. બહાર રાજપૂત યોદ્ધાઓ માતૃભૂમિ માટે લડી રહ્યા હતાં અને કિલ્લાની અંદર રાજપૂતાણીઓ સ્વાભિમાન બચાવવા ખાતર ! વીરરસથી ભરપૂર એ ઘટનાની કલ્પના માત્રથી રૂંવાટા ઉભા થઇ જાય.

આખરે એ કમનસીબ ઘડી આવી પહોંચી. આઠમી માર્ચ, ૧૫૩૫ના દિવસે મેવાડી સેનાને કચડીને બહાદુરશાહની ફૌજ કિલ્લામાં પ્રવેશી અને એ સાથે જ રાણી કર્ણાવતી સમેત તેર હજાર સ્ત્રીઓએ અગ્નિકુંડમાં ઝંપલાવી દીધું. તેમની કરૂણ ચીસોથી કિલ્લો ગાજી ઉઠ્યો- આક્રંદ કરી ઉઠ્યો ! ચિત્તોડના કિલ્લામાં થયેલો એ બીજો જૌહર હતો. (પહેલો ૧૩૦૩ની સાલમાં અલાઉદ્દીન ખીલજીના આક્રમણ વખતે, બીજો ઉપર જણાવ્યો એ, અને ત્રીજો જૌહર ઈસ. ૧૫૬૮માં બાદશાહ અકબરના આક્રમણ વખતે થયો હતો. એ નોંધશો કે, અકબરે ધર્મના નામ પર નહીં, બલ્કે પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા માટે મેવાડ ચિત્તોડ પર હુમલો કર્યો હતો.)

હુમાયુ ચિત્તોડ પહોંચ્યો ત્યારે ઘણું મોડું થઇ ચૂક્યું હતું. કિલ્લો અસ્તવ્યસ્ત હતો. વીરાંગનાઓના શરીર રાખ બની ચૂક્યા હતાં. રાજપૂત યોદ્ધાઓ શહીદીને વરી ચૂક્યા હતાં. દિલાસાની વાત માત્ર એટલી જ હતી કે, રાણા વિક્રમાદિત્યસિંહ અને ઉદયસિંહ બુંદી ખાતે સલામત હતાં. (રાણા ઉદયસિંહની દેખરેખ કોણ કરી રહ્યું હતું જાણો છો ? પન્નાદાઈનું નામ સાંભળ્યું છે ? હા, મેવાડનું ભવિષ્ય બચાવવા ખાતર જેણે પોતાનો પેટજણ્યો કુરબાન કરી



દીધું એ પન્નાદાઈ !)

ખેર, બહેનનું મોં જોવાનું હુમાયુના નસીબે ન હતું, છતાં તેણે પાછા ફરવાને બદલે બહાદુરશાહને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. મંદસૌર પાસે થયેલી લડાઈમાં બહાદુરશાહની સેનાને મોગલોએ જબરદસ્ત હાર આપી. માત્ર આટલેથી ન અટકતાં તેમણે મોટાભાગના ગુજરાત પર કબ્જો જમાવી લીધો. બહાદુરશાહે દીવમાં શરણ

લેવાનો વારો આવ્યો. દીવ પોર્ટુગીઝોનું મહત્વનું મથક હતું, જ્યાં બે વર્ષ પછી દરિયામાં પોર્ટુગીઝો સાથેની અથડામણમાં બહાદુરશાહ માર્યો જવાનો હતો.

બીજી તરફ, મેવાડમાં રાણા વિક્રમાદિત્ય ફરી સત્તામાં આવ્યા. ભૂંડો પરાજય વેઠયા પછી, પોતાની સગી માંને ગુમાવ્યાં છતાંય તેમના સ્વભાવમાં કોઈ બદલાવ ન આવ્યો, તેથી ઇસવીસન ૧૫૩૬માં તેમને કેદ કરી, નાના ભાઈ ઉદયસિંહ બીજાને મહારાણા બનાવવામાં આવ્યા. ઉદયસિંહ સગીર હતાં તેથી તેમના વતી રાજકાજ ચલાવવાની જવાબદારી પિતરાઈ ભાઈ વનવીરને સોંપવામાં આવી. સત્તાલોલુપ વનવીરસિંહના હાથે જ વિક્રમાદિત્યની હત્યા થઇ. હવે વારો ઉદયસિંહનો હતો, જેમની રક્ષા પન્ના દાઈએ કઈ રીતે કરી એ પ્રસંગ જાણીતો છે.

પછીની ઘટનાઓ પણ જાણીતી છે, પણ મુદ્દાની વાત એ કે, જે રાણીએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરીને માતૃભૂમિને જીવન સમર્પિત કરી દીધું, એની અવગણના કરવાનું કોઈ કારણ ખરું ? ભારતના ઇતિહાસની એક બેજોડ ઘટના, ધર્મથી ઉપર ઉઠીને ભજવાયેલો સંબંધ, આજના કલુષિત વાતાવરણમાં બે કોમ વચ્ચે સદ્ભાવના જન્માવતી વાત અને એક અમર થવા સર્જાયેલી વીરાંગના-આ બધું જયારે ઇતિહાસ લખનારાઓની ઉપેક્ષાએ ચડે અને ભૂલાવી દેવાય એને આપણા બદનસીબ કહેવા કે કમનસીબ એ સમજાતું નથી. શાંતિના નકલી કબૂતરો ઉડાવીને છેવટે દેશનું નખ્ખોદ વાળી નાખનાર 'પંડિત' નહેરુ જેવાનાં જીવનચરિત્ર (એ પણ હળાહળ ખોટાં !) પુસ્તકોમાં છપાવી-છપાવી શાહીઓ ખૂટાડનાર સરકારી શિક્ષણ ખાતાને રાણી કર્ણાવતી અને ભગતસિંહ જેવાં શૌર્યસમ્રાટોના પરાક્રમો છાપવામાં કોઈ સૂગ ખરી ? કે પછી એમ કરવા જતાં વર્ષોથી મનમાં ઠસાવેલી વાતોનો છેદ ઉડી જવાનો ડર છે ? એમને ખબર !

દરેક બાળકના માનસ ઘડતર માટે પરીકથાઓ સાથે વીરકથાઓ કહેવી પણ એટલી જ જરૂરી છે. છતાં, હકીકત છે કે આપણને સત્યકથાઓના બદલે અને નામે બતાવાતાં વેવલાઈવેડાં વધુ પસંદ છે. ઇતિહાસ સાથે ચેડાં કરીને ફિલ્મો બનાવનારાઓનો પણ આપણે ત્યાં ક્યાં તોટો છે ! આવી જ વૃત્તિને લીધે કંઈ કેટલાંય સૂરમાઓ ભુલાઈ ગયાં ત્યારે રાણી કર્ણાવતી સાથે આવું થાય એમાં શી નવાઈ ! આવું વિનાશક વલણ ભારત સિવાય બીજે ક્યાંય જોવા ન મળે. સારે જહાં સે અચ્છા, હિન્દુસ્તાં હમારા ! નહીં ?


નોંધ: રાણી કર્ણાવતી અને રાણી પદ્માવતીમાં કન્ફયુઝ ન થતાં. એકને તો અત્યારે વણમાંગી પ્રસિદ્ધિ મળી રહી છે, પણ જેનાં પ્રતિ ધ્યાન દોરાવું જોઈએ, એના માટે ઉદાસીનતા છે, ખરેખર તો જાણી જોઈને પેદા કરેલું અજાણપણું છે. ખેર, આજ પછી કમસેકમ 'ખજાનો'ના વાચકો રાણી કર્ણાવતી અને તેમની બેજોડ શૌર્યગાથાથી અજાણ નહીં રહે એ દિલાસા સાથે, આવજો. ફરી મળીશું આવતા મહિને, વધુ એક અજાણ્યા પ્રકરણ સાથે.

*

- પ્રતીક. ડી. ગોસ્વામી

મૂવી ગોસિપ

હોલિવુડની ૫૦ સર્વશ્રેષ્ઠ ફિલ્મોની સફર



તમારી ફેવરિટ હોલિવૂડ મૂવી કઈ ? સવાલ બીજી રીતે પણ પૂછી શકાય એમ છે, હોલિવૂડની સૌથી બેસ્ટ મૂવી કઈ ? આ રહી, નીચે. આ હપ્તે વાંચો હોલિવૂડની દસ સૌથી મજેદાર ફિલ્મો વિશે. વાંચ્યા પછી જાણાવજો, તમને કઈ ગમી ?


માણસ આદિકાળથી પોતાની આસપાસના વાતાવરણના દ્રશ્યોને જોઈને મુગ્ધ થતો આવ્યો છે. વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું ગયું તેમ તેમ માણસે પોતાની આસપાસના વાતાવરણને દ્રશ્યોમાં સાચવી રાખવા ફોટોગ્રાફી અને તેના પરથી ચલચિત્ર(Motion Pictures)ની શોધ કરી. પોતે રચેલી વાર્તાઓને પોતાની નજર સામે ભજવાતી જોવા માટે તેણે ફિલ્મો બનાવી. ધીરે ધીરે ફિલ્મો લોકમાનસ પર અસર કરનારું અને લોકોના વિચારોમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવનારું સબળ માધ્યમ બની ગયું.

ભારતમાં વિશ્વની સૌથી વધુ અલગ અલગ ભાષાની ફિલ્મો બને છે. કમનસીબે આપણી ફિલ્મોની ગુણવતા એટલી સારી નથી હોતી. ઈરાન જેવા રૂઢિચુસ્ત દેશ અને દ.કોરિયા જેવા નાના દેશની ફિલ્મો આપણી ફિલ્મો કરતા ગુણવતામાં વધુ સારી હોય છે.

વૈશ્વિક સિનેમામાં આજે પણ હોલિવુડની ફિલ્મોનો દબદબો છે. હોલિવુડની ફિલ્મોની ગુણવતા ખુબ સારી હોય છે. હોલિવુડની ફિલ્મોના બજેટ પણ ખુબ વધારે હોય છે. ઈન્ટરનેટના વધતા ઉપયોગને કારણે લોકો પહેલાના સમય કરતા વધારે હોલિવુડની ફિલ્મો જોતા થયા છે. ઇન્ટરનેટને કારણે ઘણી ફિલ્મો આજે હાથવગી બની છે.

લોકો પોતાને ગમતી ફિલ્મોને અલગ અલગ સાઈટસ પર રેટિંગ આપે છે. આવી ઘણી સાઈટસ અત્યારે પોપ્યુલર છે. દરેક સાઈટસ ફિલ્મોને પોતાની રીતે રેટિંગ આપે છે. દરેક સાઈટસના પોતાના ટોપ ફિલ્મોના લિસ્ટ છે. યાદ રાખવું કે આ તમામ એવી ફિલ્મો છે જેમને દર્શકો અને ફિલ્મોના જાણકારોનો(ઘણા કિસ્સાઓમાં માત્ર ફિલ્મોના જાણકારોનો) પ્રેમ મળ્યો છે. મારુ ફેવરિટ લિસ્ટ આઈ.એમ.ડી. બી.(IMDb) નું છે. આઈ.એમ.ડી.બી. એ ઇન્ટરનેટ મૂવી ડેટાબેઝ નું ટૂંકાક્ષર છે. તેની ટોપ 50 ફિલ્મોમાં મને ગમેલી મોટાભાગની ફિલ્મો આવી જાય છે. ચાલો ત્યારે આ લિસ્ટમાં રહેલી ફિલ્મોની સફરે...

50. એપોકલીપ્સ નાઉ(Apocalypse Now) (1979) :



યુદ્ધને કારણે માનવજાત વિશેનું એ સત્ય ઉઘાડું થાય છે જેને મનુષ્યો સદીઓથી ઢાંકવાનો પ્રયત્ન કરતા આવ્યા છે. યુદ્ધ માણસમાં રહેલા પશુને બહાર લાવે છે.

પચાસમાં નંબર પર રહેલી આ ફિલ્મ વિશ્વની શ્રેષ્ઠ વોર ફિલ્મોમાંની એક છે. ફિલ્મ વિયેતનામ યુદ્ધ પર આધારિત છે. તેના ડાયરેક્ટર ફ્રાંસીસ ફોર્ડ કપોલાના નામે ગોડફાધર જેવી ઓલ ટાઈમ ક્લાસિક ફિલ્મો બોલે છે. આ ફિલ્મને હોલીવુડની તે સમયની મુઘલે આઝમ કહી શકાય.

આ ફિલ્મ પણ મુઘલે અઝમની જેમ ત્યારે બનેલી સૌથી મોંઘી ફિલ્મ હતી. આ ફિલ્મના નિર્માણ દરમ્યાન પણ મુઘલે આઝમની જેમ અનેક મુશ્કેલીઓ આવી હતી.

ફિલ્મનું નિર્માણ શરૂ થયું ત્યારથી જ ફિલ્મના યુનિટ પર આફતો આવવાની શરૂ થઇ. માર્લોન બ્રાન્ડો જેવા દિગ્ગજ એકટરનું વજન એટલું વધી ગયું હતું કે તેના બધા દ્રશ્ય ઓછા પ્રકાશમાં અથવા માત્ર તેનો ચેહરો દેખાતો હોય તેમ શૂટ કરવા પડ્યા. ફિલ્મનો હીરો માર્ટિન સીન બે વાર બિમાર પડ્યો. ત્રણ વર્ષ વિવિધ મુશ્કેલીઓનો સામનો કર્યા પછી અંતે ફિલ્મ રિલીઝ થઇ. રિલીઝ થતા જ તેની બોક્ષ ઓફિસ પર હાલત મેરા નામ જોકર જેવી થઇ પણ જેમ સાચું સોનુ છૂપું નથી રહેતું તેમ આ ફિલ્મ ધીરે ધીરે વખણાવા લાગી. આજે આ ફિલ્મની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મોમાં થાય છે.

ફિલ્મનો પ્લસ પોઇન્ટ તેની સિનેમાટોગ્રાફી અને ડાયલોગ્સ છે. ફિલ્મ તે વર્ષે બેસ્ટ ફિલ્મના ઓસ્કર માટે નોમિનેટ થયેલી. ફિલ્મની કથામાં એક અમેરિકન સૈન્ય અધિકારીને યુદ્ધ દરમ્યાન પોતાના જ એક ઉચ્ચ સૈન્ય અધિકારીને મારવાના મિશન પર મોકલવામાં આવે છે. આ ઉચ્ચ અધિકારી લડાઈને કારણે પોતાનું માનસિક સંતુલન ગુમાવીને જંગલમાં સ્થાનિક લોકો સાથે ભળી ગયો છે. શું તે સફળ થાય છે? જાણવા માટે આ ફિલ્મ જોવી રહી. ફિલ્મ નેટ પર ફ્રી મળી રહેશે.

49. મેમેન્ટો(Memento) (2000) :

તમે આમિર ખાનની ગજની ફિલ્મ જોઈ છે? ગજની તે જ નામની તમિલ ફિલ્મની રીમેક હતી. જયારે આ બન્ને ફિલ્મો મેમેન્ટો નામની ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ પર આધારિત છે. ભલે આમિર ખાન આ વાત જાહેરમાં ન સ્વીકારે. નોલાનનું નામ જયારે હોલીવુડમાં જાણીતું નોહતું ત્યારે તેણે આ ફિલ્મ બનાવી હતી. ગજનીની જેમ જ



ફિલ્મનો હીરો દર પંદર મિનિટે બધું ભૂલી જાય છે. તે પણ ટેટુસ અને કેમેરાનો ઉપયોગ કરીને વાતો યાદ રાખવાનો પ્રયત્ન કરે છે. તેને પણ બદલો લેવો છે પણ મેમેન્ટો ગજની કરતા ઘણી ઉંચી કક્ષાની ફિલ્મ છે. ફિલ્મનો પ્લસ પોઇન્ટ એ છે કે તેની કથા સુરેખ રીતે નથી કેહવાઈ. દર્શકો પણ હીરોની સાથે વિસ્મૃતિ અનુભવતા હોય તેમ દ્રશ્યો જુએ છે. ફિલ્મના અંતે પ્રેક્ષકોને જાણે એક કોયડો પૂરો થયો હોય તેમ આખી ફિલ્મની વાર્તા ખ્યાલ આવે છે. નેટ પર શોધીને ખાસ જોવા જેવી ફિલ્મ.

48. ધ લાયન કિંગ(The Lion King) (1994) :



આ ફિલ્મ કદાચ બધા એ જોઈ હશે. ડિઝનીએ બનાવેલી સર્વશ્રેષ્ઠ ફિલ્મોમાંથી એક. એનિમેશન અને ગીતો ઉચ્ચ કક્ષાના. "હકુના મટાટા" ગીત તો સૌને મોઢે યાદ રહી જાય એવું છે. ફિલ્મનું સંગીત હાન્સ જીમરે આપ્યું છે. કહેવાય છે કે ધ લાયન કિંગની વાર્તા શેક્સપિયરના "હેમલેટ" પર કઈંક અંશે આધારિત છે. ફિલ્મની કથા છે સિમ્બા નામના સિંહની અને તે પોતાના પિતાની હત્યાનો બદલો કેવી રીતે લે છે તેની. આ ફિલ્મની કથા ઘણા અંશે "બાહુબલી" ફિલ્મની કથા સાથે સામ્યતા ધરાવે છે.

આ ફિલ્મ સાથે ઘણાની બાળપણની સ્મૃતિઓ જોડાયેલી હશે. ફિલ્મના પાત્રોના નામ કદાચ બધા જ (તે સમયના) બાળકોને મોઢે હશે. આ ફિલ્મ એક સાચા અર્થમાં "ફેમિલી" ફિલ્મ હતી જે બાળકો અને મોટાઓને સમાન રીતે ગમી હતી.

આ ફિલ્મ ડિઝની સ્ટુડીઓને એવી ફળી કે તેના પરથી તેમણે ઘણી ફિલ્મો અને સિરિયલો બનાવી. આજે પણ આ ફિલ્મની ફ્રેન્ચાઈઝ ડિઝનીને ભરપૂર કમાણી કરાવી રહી છે. ફિલ્મને સંગીત માટે બે ઓસ્કર પણ મળ્યા હતા. ફિલ્મ યુ ટ્યૂબ પર ઉપલબ્ધ છે.

47. ધ પ્રેસ્ટિજ(The Prestige) (2006) :




આ પણ ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ છે. ફિલ્મની કથા વીસમી સદીના શરૂઆતના વર્ષોમાં આકાર લે છે. બે જુના દોસ્ત જાદુગરો કેવી રીતે દુશ્મન બને છે અને એકબીજાને પછાડવા કેવા કેવા કાવતરાઓ કરે છે તે આ ફિલ્મમાં દર્શાવ્યું છે.

પ્રેક્ષકો સાથે થતી છેતરપિંડી કોઈ પણ જાદુના ખેલનો પ્રાણ હોય છે. તમે તમારી સામે બનતી ઘટનાને જયારે તાર્કિક રીતે નથી સમજાવી શકતા ત્યારે તમે પ્રભાવિત અને ખુશ થાવ છો. સાચો જાદુગર ક્યારેય પોતાની ટ્રીક્સનું રહસ્ય કોઈને નથી કેહતો. એક બીજાના રહસ્યો જાણીને એક બીજાને ખતમ કરવા મથતા બે જાદુગરોની કથા આ ફિલ્મમાં છે. બે જાદુગરો એકબીજાથી આગળ નિકળવા કેવી કેવી રમતો રમે છે તે જોવું હોય તો આ ફિલ્મ ચોક્કસ જોવી રહી. ક્રિસ્ટન બેલ અને હ્યુ

જેકમેને પોતાના પાત્રોને બરોબર ન્યાય આપ્યો છે. ફિલ્મને બોક્ષ ઓફિસ પર પણ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મ પણ યુ ટયુબ અને ઇન્ટરનેટ પર મળી રહેશે.

"તમે તે કેમ બન્યું તે જાણવા ઉત્સુક હો છો પણ તમને તે રહસ્યનો તાગ મળતો નથી. કેમ? કેમ,કે તમને મૂર્ખ બનવાની મજા આવે છે." - ધ પ્રેસ્ટિજ.

46. ગ્લેડિએટર(Gladiator) (2000) :




પોતાના સાહસ અને તાકાતથી એક સામ્રાજ્યના પાયા હચમચાવતા ગુલામની કથા એટલે ગ્લેડિએટર. ફિલ્મ રોમન સમયમાં ગુલામ તરીકે વેચાઈ ગયેલા સેનાપતિની કથા કહે છે. એક એવો સેનાપતિ જે પોતાની પત્ની અને પુત્રના મોતનું વેર લેવા ઝઝૂમે છે. આ ફિલ્મ પોતાની સમસ્યાઓને ભૂલીને માત્ર આનંદ પ્રમોદમાં મસ્ત રહેતી ઉત્સવ પ્રેમી પ્રજા પર પણ કટાક્ષ કરે છે. ફિલ્મમાં રાજા માટે પ્રજાના પ્રશ્નો કરતા વધારે મહત્વ ગુલામોની લડાઈનું હોય છે. પ્રજાને પણ તેમાં સામેલ થયેલી બતાવવામાં આવી છે પણ આ પરિસ્થિતિ ધીરે ધીરે ફિલ્મનો નાયક બદલે છે.

રીડલી સ્કોટના કસાયેલા નિર્દેશન અને રસેલ ક્રોવના શાનદાર અભિનયના કારણે આ ફિલ્મ ખરેખર જોવા લાયક બની છે. આ ફિલ્મને પબ્લિક અને વિવેચકો બન્નેનો એકસરખો પ્રેમ મળ્યો હતો. ફિલ્મને તે વર્ષનો બેસ્ટ ફિલ્મનો ઓસ્કર પણ મળેલો.

"મૃત્યુ જયારે માણસ સામે હસે છે ત્યારે માણસ તેની સામે સ્મિત કરવા સિવાય બીજું કશું જ નથી કરી શકતો." - ગ્લેડિએટર.

45. વ્હીપલેશ(Whiplash) (2014) :



તમે કોઈ ધ્યેયની પ્રાપ્તિ માટે કેટલી હદે જઈ શકો? ક્યારે તમારી સહનશક્તિની સીમા આવી ગણાય? કોઈ ધ્યેય માટે બધી જ સીમા ઓળંગી જવી કેટલું યોગ્ય છે? ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ? આ


બધા પ્રશ્નોનો જવાબ એટલે ડેમિયન ચસેલ(La La Land)ની પહેલી ફિલ્મ વ્હીપલેશ. આમ જોવા જઈએ તો વ્હીપલેશનું ગુજરાતી "ચાબુકનો ફટકો" થાય છે. કોઈને જ્ઞાન ડરાવીને પણ આપી શકાય અને પ્રેમથી પણ આપી શકાય. સાચી રીત કઈ?

વ્હીપલેશ વાર્તા છે એક યુવાન ડ્રમરની જે એક કડક શિક્ષક પાસે જેઝ મ્યુઝિક શીખવા આવે છે. શિક્ષક પોતે પરફેક્ટનિસ્ટ છે. તે પોતાના શિષ્યોને સહનશક્તિની સીમા આવી જાય ત્યાં સુધી કામ કેમ કરવું એ શીખવાડે છે અને સર્જાય છે ગુરુ શિષ્ય વચ્ચેનું એક યાદગાર સંગીતમય યુદ્ધ. જો તમને જેઝ મ્યુઝિક ગમતું હોય તો આ ફિલ્મનો યાદગાર અંત ચોક્કસ જોવા જેવો છે. ફિલ્મમાં ગુરુની ભૂમિકા ભજવનાર જે.કે.સિમોન્સને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કર આ ફિલ્મ માટે મળેલો.

""તમે બહુ સારું કામ કર્યું છે.' તેનાથી વધુ નુકસાનકારક શબ્દો બીજા કોઈ નથી." - વ્હીપલેશ.

44. બેક ટુ ધ ફયુચર ભાગ એક થી ત્રણ।(Back to the future part 1 to 3) (1985) :

વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મોનું લિસ્ટ બનાવો અને તેમાં સ્ટીવન સ્પીલબર્ગની ફિલ્મનું નામ ન આવે એવું થોડું બને? આ ફિલ્મ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. રોબર્ટ જેમનિક તેના નિર્દેશક અને સ્ટીવન સ્પીલબર્ગ નિર્માતા છે. આ ફિલ્મની વાર્તા એક યુવાન અને એક વૈજ્ઞાનિકના ટાઈમ ટ્રાવેલ પર આધારિત છે. ફિલ્મ એક જબરદસ્ત કોમેડી છે. ફિલ્મનો નાયક કેવી રીતે ભૂતકાળમાં જઈને પોતાના (તે સમયે) યુવાન માતા પિતાને મેળવે છે અને એમ કરવા જતા કેટલા છબરડા વાળે છે તે જોવાની બહુ મજા પડે છે.



ફિલ્મના બે ભાગનું શૂટિંગ પૂરું થઇ ચૂક્યું હતું પણ ડાયરેક્ટરને ફિલ્મનો હીરો તેના પાત્રને અનુરૂપ ન લાગતા તેમણે તેને કાઢીને નવા હીરો(માઈકલ જે ફોક્સ) સાથે બન્ને ફિલ્મોનું શૂટિંગ ફરીથી કર્યું અને બન્ને મુખ્ય પાત્રો(યુવાન અને વૈજ્ઞાનિક) વચ્ચેની લાજવાબ કેમેસ્ટ્રીના કારણે જ ફિલ્મ યાદગાર બની.

ફિલ્મ એટલી અસરકારક બની છે કે તેમાં દર્શાવેલા કેટલાક ભવિષ્યના સાધનો પણ લોકોએ બનાવવાના પ્રયત્નો કરી જોયા છે. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર ઉપલબ્ધ છે.

43. ટર્મિનેટર-2 (Terminator-2) (1991) :

આ પણ બહુ જાણીતી ફિલ્મ છે. લગભગ બધા એ જોઈ જ હશે. ટર્મિનેટર-2 ડાયરેક્ટ કરી છે જેમ્સ કેમરૂને(ટાઇટેનિક, અવતાર). ટર્મિનેટર સિરીઝમાં અત્યાર સુધી ચાર ફિલ્મો બની છે. તેમાં સૌથી વધુ જાણીતી ફિલ્મ એટલે ટર્મિનેટર-2. આ ફિલ્મ તે સમયે બનેલી સૌથી મોંઘી ફિલ્મ હતી. ફિલ્મનું મોટા ભાગનું બજેટ તેની સ્પેશ્યલ ઇફેક્ટસ પાછળ વપરાયું હતું. ફિલ્મની સ્પેશિયલ



ઇફેક્ટ ઘણી બધી રીતે હોલીવુડ અને વિશ્વ સિનેમામાં નવો ચીલો પાડનાર હતી. આ ફિલ્મમાં પેહલી વાર કોમ્પ્યુટર જનરેટેડ સ્પેશિયલ ઇફેક્ટસનો ઉપયોગ થયેલો.

ફિલ્મની કથા પ્રમાણે ભવિષ્યમાં મશીનો જયારે પૃથ્વી પર કબજો કરી લે છે ત્યારે મનુષ્યો તેમનો પ્રતિકાર કરે છે. આ લડાઈમાં માનવજાતના સેનાપતિ જ્હોન ઓ'કોનરને તે નાનો હોય ત્યારે જ મારી નાખવા મશીનો દ્વારા એક સાઇબોર્ગ ભૂતકાળમાં મોકલવામાં આવે છે. જ્હોનને બચાવવા ભવિષ્ય માંથી એક બીજો સાઇબોર્ગ મનુષ્યો દ્વારા પણ મોકલવામાં આવે છે અને સર્જાય છે બે યંત્રમાનવો વચ્ચેનું યુદ્ધ.

આ ફિલ્મે આખા વિશ્વમાં જબરદસ્ત સફળતા મેળવી હતી. ફિલ્મે જેમ્સ કમરૂનને પ્રથમ દરજ્જાના નિર્દેશકોની શ્રેણીમાં મૂકી દીધા હતા. ફિલ્મને મળેલી જબરદસ્ત સફળતાએ આર્નોલ્ડ સ્વાત્ઝનેગરના કેરિયરમાં પણ પ્રાણ ફૂંક્યા હતા.

ફિલ્મને સાઉન્ડ મિક્સિંગ અને વિઝયુઅલ ઇફેક્ટ સહિત કુલ ચાર ઓસ્કર એવોર્ડ મળેલા. આ ફિલ્મની ગણના આજે પણ સર્વશ્રેષ્ઠ એક્શન અને Sci-fi ફિલ્મોમાં થાય છે.

42. રિઅર વિન્ડો(Rear Window) (1954) :



માણસમાં પોતાની આસપાસના લોકો વિશે જાણવાની માનવસહજ કુતુહલવૃત્તિ હોય છે. આપણે આપણી આ ટેવનો સ્વીકાર નથી કરતા પણ આપણને

સૌને બીજાના જીવન વિશે જાણવું ગમે છે. આપણે આપણા સંપર્કમાં આવતા લોકોને તેમના વર્તનના આધારે લેબલ મારીએ છીએ. બીજાના જીવનમાં ડોકિયું કરવાની ટેવ પર બનેલી સર્વશ્રેષ્ઠ સસ્પેન્સ ફિલ્મ એટલે "રિઅર વિન્ડો.

એક ફોટોગ્રાફર પોતાનો પગ ભાંગવાને કારણે વ્હીલચેરમાં પોતાના ફ્લેટમાં બોર થતો હોય છે. તે સમય કાઢવા પોતાના ફ્લેટની બારી માંથી બીજા લોકોને જોયા કરે છે. એક રાતે તે કઈંક એવું જુએ છે કે તેને એમ લાગે છે કે તેના પડોશીએ પોતાની પત્નીનું ખૂન કર્યું છે. શું સાચે ખૂન થયું હોય છે? જાણવા માટે ફિલ્મ જોવી રહી. આ ફિલ્મ સસ્પેન્સ ફિલ્મોના બાદશાહ આલ્ફ્રેડ હિચકોકે બનાવેલી છે. ફિલ્મ હિચકોકની બેસ્ટ ફિલ્મો માંથી એક ગણાય છે.

આખી ફિલ્મ દરમ્યાન કેમેરો હીરોના ફ્લેટમાં જ ફર્યા કરે છે તેમ છતાં પ્રેક્ષકો કંટાળતા નથી. આવો ચમત્કાર તો માત્ર હિચકોક જેવા સસ્પેન્સના બાદશાહ જ કરી શકે.


આ ફિલ્મ વિશ્વની શ્રેષ્ઠ સસ્પેન્સ ફિલ્મોમાંની એક છે. ફિલ્મનો સમાવેશ મોટાભાગના બેસ્ટ ફિલ્મોના લિસ્ટમાં થાય છે. સસ્પેન્સ ફિલ્મોના રસિયાઓ માટે અચૂક જોવા જેવી ફિલ્મ. ફિલ્મ તમને યુ ટ્યૂબ પર મળી જશે.

"લોકોએ એક વાર પોતાના ઘર બહાર નીકળીને પોતાની અંદર દ્રષ્ટિ કરવી જોઈએ." - રીઅર વિન્ડો.

41. ધ ડિપાર્ટેડ(The Departed) (2006) :

સારા અને ખરાબ તત્વો વચ્ચે શું ફર્ક હોય છે? સારા અને ખરાબ તત્વો એકબીજાના માસ્ક પહેરીને આવે ત્યારે શું સારું અને શું ખરાબ નક્કી કરવું મુશ્કેલ બની જાય છે. વાસ્તવિક જીવનમાં પણ આવું જ બનતું હોય છે. ડિપાર્ટેડ ફિલ્મ પણ કઈંક આવી જ વાત કરે છે.

એક પોલીસ અધિકારી અને એક માફિયા ડોન એકબીજાને હરાવવા બે યુવાનોને પોલીસ અને ગેંગમાં



બાતમીદાર તરીકે મોકલે છે. બન્ને યુવાનો સમય જતા પોતપોતાના સાથીઓનો વિશ્વાસ જીતીને ગેંગ અને પોલીસમાં ઉચ્ચ સ્થાને પહોંચે છે. પછી સર્જાય છે સારા અને ખરાબ વચ્ચેની એક વિચિત્ર લડાઈ જેમાં બન્ને વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય છે.

ધ ડિપાર્ટેડને માર્ટિન સ્કોર્સેઝીએ ડાયરેક્ટ કરી છે. કેટલાક ડાયરેક્ટરની પટકથા કેહવાની રીત જ અલગ હોય છે. તમે ફિલ્મ જુઓ ત્યારે તમને એ ફિલ્મ પોતાનામાં ખેંચી લે. જયારે ફિલ્મ પુરી થાય ત્યારે તમને ફિલ્મના જ વિચાર આવે. માર્ટિન સ્કોર્સેઝીની ફિલ્મની માવજતમાં માસ્ટરી છે. તેઓ સામાન્ય પટકથાને પણ અલગ રીતે રજૂ કરવા માટે જાણીતા છે. આ ફિલ્મમાં લિઓનાર્દો ડી

કેપ્રિઓ, સ્કોર્સેઝીના ફેવરિટ અભિનેતા જેક નિકોલ્સન(ત્રણ ઓસ્કર એવોર્ડ વિજેતા) અને મેટ ડેમન જેવા પ્રતિભાશાળી અભિનેતાઓ છે. ફિલ્મને તે વર્ષના ચાર ઓસ્કર એવોર્ડ મળેલા. આ ફિલ્મ પણ ઇન્ટરનેટ પર શોધવાથી મળી રહેશે.


આવતા મહિને આપણે આ લિસ્ટ ચાલીસ નંબરથી આગળ વધારીશું ત્યાં સુધીમાં આ દરેક ફિલ્મો જોઈ નાખો.

*

• નરેન્દ્રસિંહ રાણા

સાયન્સ સફર

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની મર્યાદાઓ



ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ વિશે ભણીને આપણે સૌ મોટા થયા છીએ. 'સર્વાઇવલ ઓફ ધ ફિટેસ્ટ' અને 'નેચરલ સિલેક્શન' જેવા નિયમોની ગડ બેસાડનાર ડાર્વિનની અમુક વાતોની હવે વૈજ્ઞાનિકોને ગડ નથી બેસતી. કારણ તેમણે એ થિયરીમાં અમુક છીંડાં શોધી કાઢ્યાં છે. વાંચો ત્યારે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની એ ખામીઓ વિશે.


ઉપરવાળું ચિત્ર જોયું?

બહુજ જાણીતું ચિત્ર છે ને , આ ચિત્ર શું કહે છે?

ઉત્ક્રાંતિના પરિણામે આપણે અમુક કરોડ વર્ષોમાં , વાનરમાંથી - નર બની ગયા !

હા, હવે કોઈકને યાદ આવશે કે અરે ! આ તો પેલા ઇંગ્લેન્ડના વૈજ્ઞાનિક (પ્રકૃતિવિદ કે જીવ વિજ્ઞાની) ચાર્લ્સ ડાર્વિનની ખોજ ! અરે હા, એજ સફેદ દાઢી વાળા - વૃદ્ધ માણસ કે જે યુવાનીમાં ફરવા માટે વિદેશ ગયા હતા અને ત્યાં પણ પોતાની તીક્ષ્ણ બુદ્ધિની મદદથી અનેક જાતિ-ઉપજાતિઓનું અવલોકન કરી આવ્યા. સમય જતાં એક અદભુત સિદ્ધાંત જગત સમક્ષ મુક્યો : જે સિદ્ધાંત આજે ' ઉત્ક્રાંતિવાદ 'નામે ઓળખાય છે ! બરોબર ને?

જોકે, ચાર્લ્સ ડાર્વિન વિશે ઘણા બધાને આટલાથી વધુ ખબર હોતી નથી. પણ આજે એમના વિશે અચાનક વાતો શું કામ કરવાની ? કેમ , આ વસ્તુ રસપ્રદ નથી ?



અરે આનાથી વધુ કોઈ INTERESTING ટોપિક ના હોઈ શકે ! આપણે ખુદ જે છીએ, ખુદનું શરીર (આત્મા) વગેરે વિશે તો આપણે થોડું થોડું જાણીએ છીએ , દુનિયામાં શું ચાલી રહ્યું છે એની પણ અમુકને ખબર છે. પણ આ બધામાં મુખ્ય વાત તો રહી ગઈ.

જીવવવાનું - રહેવાનું તો પછીની વાત , આ આપણે કેવી રીતે પૃથ્વી પર આવ્યા? કેમ બીજા ગ્રહ પર ન આવ્યા? આપણે પહેલા શું હતા ? પહેલો મનુષ્ય કયારે જન્મ્યો ? આ બધાના નહિ તો કંઇ નહીં , પણ અમુક સવાલોના જવાબ તો મળી શકે.

જોકે, ડાર્વિનની શોધના લગભગ 150 વર્ષ કરતા વધુ સમય પછી આજે પણ ઉત્ક્રાંતિવાદ વિશે કેટલીય ચર્ચાઓ , સંવાદો ઉદ્દભવે છે !

કેટલીક વખત એ સિદ્ધાંતનું સમર્થન કરતા તો કેટલીક વખત એને ખંડિત કરતા પુરાવાઓ મળતા રહે છે. પણ આ વિષય જેટલો લાગે છે એનાથી બહુ જ વધુ રસપ્રદ અને રોમાંચક છે. (એટલો જ વિવાદાસ્પદ પણ છે !)

તો, ચાલો આ સિદ્ધાંત પાછળના સમયમાં એક નજર કરીએ.

ઇંગ્લેન્ડમાં જન્મેલ ડાર્વિનને શરૂઆતથી જ પ્રકૃતિની સુંદરતા તથા પર્યાવરણમાં રસ હતો એટલે એડિનબર્ગની યુનિવર્સીટીમાં જે પરાણે મેડિકલની શિક્ષા લઈ રહ્યા હતા તે મૂકી દીધી. એના બદલે મરીન વિભાગમાં કામ કરવાનું ચાલુ કર્યું (એજ બહાને ક્યાંક દેશ-વિદેશના દરિયાકાંઠે રખડી શકાય !). પણ કેમ્બ્રિજ યુનિવર્સીટીમાં જેટલા વર્ષો અભ્યાસ કર્યો એટલા વર્ષોમાં તેઓ 'નેચરલ સાયન્સ' એટલે 'પ્રકૃતિ / પર્યાવરણ વિજ્ઞાન' તરફ વધુ ઢળવા લાગ્યા. પણ હજી તેઓને જોઈએ એવી સફળતા

મળતી ન હતી. હજી પણ તેઓ યોગ્ય કામની ખોજમાં અહીંથી ત્યાં ધક્કા ખાઈ રહ્યા હતા.

એવામાં જ એમના ભાગ્યનો દરવાજો જાણે



અચાનક ખૂલ્યો : તેમની ઉંમર લગભગ 22 જેટલી હશે જ્યારે એમને એક સમુદ્રયાત્રામાં (વોયેજ) જવાનો મોકો મળ્યો. જહાજ પણ બીજું કોઈ નહિ પણ એક સમયે પ્રખ્યાત એવું 2nd એચ.એમ.એસ. બિગલ. હકીકતમાં આ જહાજ ઇંગ્લેન્ડનું હતું. એ પૃથ્વીના બીજા અમુક ખંડના ખનીજો, કુદરતી સંપતિ વગેરેની માહિતી મેળવવા માટે જવાનું હતું.

આ પ્રવાસ 3-૪ મહિના નહીં પણ લગભગ 5 વર્ષ (૧૮૩૧-૧૮૩૬) જેટલો ચાલવાનો હતો. આ વોયેજમાં ડાર્વિને એક પ્રકૃતિવિદ તરીકે જવાનું હતું, પણ વિના કોઈ પગારે . એમને 5 વર્ષ જહાજમાં રહીને અલગ અલગ જગ્યાઓએ જઈને વિવિધ વૃક્ષો તથા પ્રાણીઓ વગેરે વિશેના નમૂના લઈને એની માહિતી એકઠી કરવાની હતી.

આ પ્રવાસ ઇંગ્લેન્ડથી શરૂ થઈને આફ્રિકાના પશ્ચિમતમ કેપ વર્ડ આઇસલેન્ડ નજીક દ્વિપોમાં , એટલાન્ટિકના દક્ષિણે (હાલનું બ્રાઝિલ) , ત્યાંથી આર્જેન્ટિનાના કિનારે તથા ફાલ્કલેન્ડ, અને એ પછી તરત જ લેટિન અમેરિકાના દક્ષિણે જવાનું હતું. ત્યાંથી જગવિખ્યાત ગલાપાગોસના ટાપુઓમાં થોડો સમય વિતાવવાનો હતો. ત્યાંથી પેસિફિક સમુદ્રમાંથી થઈને ઓસ્ટ્રેલિયા , મોરિશીયસ તથા પછી કેપટાઉન (દક્ષિણ આફ્રિકા) જવાનું હતું. ફરીથી એટલાન્ટિક સમુદ્ર પાર કરીને , બ્રાઝીલના કિનારેથી થઈને પરત ઇંગ્લેન્ડ ફરવાનું હતું.(પ્રવાસનો નકશો ઉપર જુઓ). આટલા બધા સ્થળોએ

ફરવા મળશે એ વિચારથી તેઓ એક પ્રકૃતિવિદ તરીકે (વિના કોઈ પગારે) જવા તૈયાર થયા.

જહાજ ૨૭ ડિસેમ્બર , ૧૮૩૧ ના દિવસે કપ્તાન રોબર્ટ ફિટ્ઝરોયની આગેવાનીમાં ડાર્વિન તથા બીજા અમુક લોકોને લઈને ઉપડયું, ને એ સાથે જ માનવજગત માટે એક અદભૂત અને રોમાંચક નિવડનારી યાત્રાનો પ્રારંભ થયો. એ સફરના અંતે હજારો-લાખો લોકો જે જિજ્ઞાસા સેવી રહ્યા હતા એ જિજ્ઞાસાનો અંત આવવાનો હતો. મનુષ્ય ક્યાંથી આવ્યો છે, કેટલા વર્ષોથી પૃથ્વી પર છે, વગેરે જેવા અનેક પ્રશ્નોના નિરાકરણ મળવાના હતા.

ત્યાં 5 વર્ષ રહી ડાર્વિને અસંખ્ય પ્રાણીઓ, વૃક્ષો-વનસ્પતિઓ, નાના મોટા જીવોનું અધ્યયન કર્યું. કેટલીક નવી જાતિઓ વિશે પણ નોંધ લીધી ને પોતે કંઈક અલગ-નવું જ જોઈ-જાણી આવ્યા છે એ ઉત્સાહ સાથે પાછા ફર્યા. પોતે ત્યાં શું-શું કર્યું , શું શું જોયું વગેરે ની નોંધ કરેલી બુક ઉથલાવવા માંડીને, તેમની એ નોંધ 'JOURNAL OF VOYAGE' ના નામે પ્રકાશિત થઈ અને દુનિયા ડાર્વિનને ઓળખતી થઈ. તેમની થિયરીઓ કેટલાક પ્રખ્યાત વિજ્ઞાનીઓ જેવા કે ચાર્લ્સ લીએલની 'UNIFORMATARIAN' (એકરૂપતા ધરાવતા) વગેરે જેવી પ્રચલિત વાતો સાથે મેળ બેસતી થઈ.

સૌથી પહેલું કામ એ જે અધ્યયન કરી આવ્યા હતા એના વિશે બહુ ઊંડાણપૂર્વક વિચાર કરવાના ચાલુ કર્યા, આમ કરતાં કરતાં ધીરે ધીરે ૧૮૩૮માં પોતાની એક બૂક 'NATURAL SELECTION' ના નામે બહાર પાડી. તેમાં પાયાના સિદ્ધાંતો કે જેના દ્વારા મનુષ્યનો ઉદ્દભવ , એની મનુષ્ય બનવાની યાત્રા તથા એના અસ્તિત્વ વિશે જાણકારી આપી. કુદરત કયા સંજોગો ઉપર કઈ જાતિને (કે પ્રજાતિને) સિલેક્ટ કરે છે ? આમ કરવા પાછળનું શું કારણ હોઈ શકે અને છેવટે એ જાતિનું શું થાય છે, એના વિશે બહુ ગહનતાથી કરેલો અભ્યાસ દર્શાવવામાં આવ્યો.

ચાર્લ્સ ડાર્વિનની બુક નેચરલ સિલેકશનના કેટલાક મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

1. પેઢી દર પેઢી એવા વધારે બાળકો જન્મશે કે જેઓ પોતાના અસ્તિત્વ માટે લડી શકે. (SURVIVE કરી શકે.)


2. દરેક જુદા વ્યક્તિના PHENOTYPIC (ફીનોટિપિક - અવલોકન કરીને ટકી રહેવાની વિશેષતા) વર્તનમાં પરિવર્તન હશે , તેમજ એ વારસાગત જળવાઈ રહેશે.

3. જે-તે વ્યક્તિના વારસાગત લક્ષણો એ તેની આસપાસના પર્યાવરણને વધુ અનુકૂળ હશે એ જ વધારે સમય ટકી શકશે.

4. જ્યારે REPRODUCTIVE ISOLATION (એવી પેઢીના પ્રાણીઓ વચ્ચે પ્રજનન કે, જેઓ કયારેક એક જ પ્રજાતિના હતાં પણ અમુક કારણોસર સમયાંતરે છૂટા પડતાં ગયાં) થશે ત્યારે કોઈ નવી પ્રજાતિનો ઉદ્દભવ થશે.

એ દિવસ પણ આવી ગયો જ્યારે ૧૮૫૯માં એમણે એક વિશ્વવિખ્યાત સિદ્ધાંતને સમર્થન આપવા એક બહુ જ મહત્વપૂર્ણ તથા રસપ્રદ બુક 'THE ORIGIN OF SPECIES' (વિવિધ જાતિઓનો ઉદ્દભવ) પ્રકાશિત કરી. આ બુકમાં લખેલા બધાં સિદ્ધાંતોને બહુ ચોટદાર રીતે તથા જરૂર પડ્યે વૈજ્ઞાનિક પ્રયોગોની પુષ્ટિ સાથે સમજાવવામાં આવ્યા.

'થિયરી ઓફ નેચરલ સિલેક્શન' અને 'ધ ઓરીજિન ઓફ સ્પીસીઝ'




THE CENTURY SCIENCE SERIES

CHARLES DARWIN
AND THE
THEORY OF NATURAL SELECTION

BY
EDWARD B. POULTON
M.A., F.R.S., F.G.S., F.L.S., ETC.

CASSELL AND COMPANY, LIMITED
LONDON, PARIS & MELBOURNE
1896
ALL RIGHTS RESERVED



THE ORIGIN OF SPECIES

By
CHARLES DARWIN

LITERARY CLASSICS, INC.
New York

એમાં દરેક જાતિ કેવી રીતે અસ્તિત્વમાં આવી, એના ઉદ્દભવ પાછળના બધા શક્ય કારણો , એ જાતિનો વિકાસ , એના જેવી બીજી જાતિમાં કેવી વિવિધતા(વેરાયટી) હોઈ શકે, શા માટે એ જ વિવિધતા બીજી જાતિમાં ના હોઈ શકે, બે જાતિ કેવી રીતે એકબીજાથી અલગ પડી વગેરે માહિતી વિવિધ પુરાવાઓ સાથે આપવામાં આવી. આ બુકે જગતની વિચારધારા જ બદલી નાખી ! લોકો પોતે હજારો કે લાખો વર્ષોથી જે માનતા આવ્યા છે એ ખરેખર સાચું છે કે કેમ અને તે પાછળના કારણો શોધવામાં મશગૂલ બન્યા.

પશ્ચિમી લોકો બાઇબલને આધારભૂત ગ્રંથ (ઓરિજિનલ 'બાઇબલ' ગ્રંથ સૌથી જૂનું તથા વિશ્વાસુ ગ્રંથ માનવામાં આવે છે) ગણતા હોવાથી ડાર્વિને કહેલા સિદ્ધાંતોનો જોરશોરથી વિરોધ થવા લાગ્યો. વિરોધીઓના મતે ઈશ્વરે જ બધા મનુષ્યોનું સર્જન કર્યું હતું.

(આમેય વિરોધ એમની બુક ' નેચરલ સિલેકશન 'પ્રકાશિત થઈ ત્યારનો ચાલુ જ હતો) . લોકો માટે કોઈ માણસના પૂર્વજો વાંદરાઓ હશે એ વાત કલ્પના બહારની હતી ! આ એવી પરિસ્થિતિ હતી કે લોકો વિશ્વાસ કરવા માંગતા ન હતા, પણ એના સિવાય કોઈ ઉપાય નહોતો . પણ હવે સમય બદલાઈ રહ્યો હતો !

થોડો સમય જતાં એમની થિઓરી આખી તો નહીં પણ થોડી થોડી લોકોને સમજાવા લાગી. વળી એમણે આપેલા આધારભૂત પુરાવાઓને પણ નજરઅંદાજ કરી શકાય એમ ન હતું. એવું પણ કહી શકાય કે એ સમયમાં જે શંકાઓ તથા સવાલો એમની થિઓરી વિશે ઉઠ્યા એના જવાબો ડાર્વિન આપી શક્યા હતા.

આમ, ડાર્વિનની થિઓરી તેમના તથા તેમના જેવા ઘણાખરાં જીવવિજ્ઞાનીઓની ધારણાઓને, તેમના અનુમાનોને રજૂ કરવામાં સફળ રહી.

અમુક લોકો તેમજ કેટલાક જીવવિજ્ઞાનીઓને બાદ કરતા લગભગ ૧૮૭૦ સુધી મોટા ભાગના લોકોને હવે આ બાબત પર વિશ્વાસ બેસી ગયો હતો. એટલે આ સિદ્ધાંત હવે 'DARWINISM ' તરીકે ઓળખાયો !

સતત કાર્યશીલ રહેતા ડાર્વિનનું ૧૮૮૨માં ૭૩ વર્ષની ઉંમરે અવસાન થયું. ચાર્લ્સ ડાર્વિન જગતમાં 'ઉત્ક્રાંતિવાદના પ્રણેતા' તરીકે અમર બની ગયા. જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓમાં આજે પણ એમનું નામ માનથી લેવાય છે.

બસ, હવે નિબંધ પૂરો.....?

નહિ !

પણ , હવે એ શોધના ૧૫0 વર્ષ પછી શું ? આજે તો આપણી પાસે નવી નવી ટેકનોલોજીઓ છે કે જેની મદદથી આપણે આપણી બધી શંકાનું સમાધાન કરી શકીએ, આપણે મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકીએ . આજે આપણી પાસે એવા માસ્ટરમાઇન્ડ જીવવિજ્ઞાનીઓની પુષ્કળતા છે કે જે પોતાને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવવા માટે વિજ્ઞાનના (જીવવિજ્ઞાન) મૂળભૂત પાયાના સિદ્ધાંતોની યથાર્થતા ચકાસી જાણે છે.

પણ જ્યારે એ મૂળભૂત સિદ્ધાંત સાચો હોય ત્યારે ને ? એ સાચો છે કે નહીં એના માટે બધી જ પરીક્ષાઓ કરવી પડે. એ સિદ્ધાંતના બધા જ તારણોનું અવલોકન કરી એને પ્રયોગાત્મક દ્રષ્ટિએ જોવા પડે. એ પુરવાર થાય તો જ સિદ્ધાંત ૧૦૦% સાચો ઠરે. દરેક મહાન સિદ્ધાંત સાથે થાય એમ 'ઉત્ક્રાંતિવાદ'ના સિદ્ધાંત સાથે એવું કંઈક જ બન્યું. કેટલાક જીવવિજ્ઞાનીઓ તથા કેટલાક બીજા લોકોએ એ સિદ્ધાંતની મદદ લેવાને બદલે એના સામે બાંયો ચડાવી લીધી. એ સિદ્ધાંત ખોટો છે એવું જાહેર કરવા માંડ્યું. આમેય આટલો મોટો સિદ્ધાંત ૧૦૦% સાચો હોવાની ખાતરી નહોતી મળતી, ઉપરથી કેટલીક એવી શોધો તથા તારણો કાળક્રમે થયા કે જેને ખરેખર એ સિદ્ધાંતની યથાર્થતા ઉપર શંકાઓ થવા માંડી !

આવા જ કેટલાક જીવવિજ્ઞાનીઓ તથા એને લાગતી શાખાના લોકોએ આ સિદ્ધાંતને ખોટો ઠેરવતી કેટલીક થિઓરી વિચારી જોઈ, એના પુરાવા પણ મેળવ્યા. એટલે ફરીથી આ સિદ્ધાંતનો વિવાદ ચગવા માંડ્યો!!! પ્રસ્તુત છે આવીજ કેટલીક થિઓરી......

(1) D.N.Aની અદભૂત કાર્યપ્રણાલી :

D.N.A. વિશે જ્યારે પહેલી-વહેલી લોકોને ખબર પડી,



ત્યારથી લઈને આજ સુધી એની અદભુત કાર્યપ્રણાલી વિશે વૈજ્ઞાનિકો નવી નવી શોધ કરતા રહે છે.

આપણે સૌ જાણીએ છીએ એમ ડી.એન.એ. એ કોઈ પણ સજીવના શરીરનો મુખ્ય બંધારણીય ઘટક છે. એ જિનમની રચના કરે છે જેની ત્યાર બાદ લગભગ અસંખ્ય સાંકળો રચાઈને કોઈ પણ પ્રાણીના સમગ્ર શરીરનું નિર્માણ થાય છે

પણ માનવ શરીરમાં એ કેવી રીતે કામ કરે છે ?

મનુષ્યના શરીરમાં આવેલ જિનમની (ડી.એન.એ. + આર.એન.એ.) માહિતી લગભગ 3GB (ગીગા બાઈટ) જેટલી હોય છે . એક જગ્યાએથી બીજી જગ્યાએ સંદેશ પહોંચાડવા માટે જે ભાષાનો (માધ્યમ) ઉપયોગ થાય છે તે બેશક ડિજિટલ હોય છે (જે કમ્પ્યુટરમાં પણ વપરાય છે) .પણ આ ભાષા કમ્પ્યુટરની જેમ BINARY LANGUAGE નથી ! કમ્પ્યુટર ની BINARY LANGUAGE માં બેજ સંખ્યા હોય છે, 0 અને ૧ . પણ જિનમમાં કુલ ચાર સ્થાન હોય છે : T , C , G, A આ ચારેય ન્યુકલીઓટાઇડ બેસીસ દર્શાવે છે . કોઈ પણ ડિજિટલ બાઈટમાં ૮ સંખ્યા હોય છે , જ્યારે ડી.એન.એ. બાઈટમાં ૩ સંખ્યા જ હોય છે.

પરંતુ આ ત્રણેય સંખ્યા પાસે પોતાના ૪ અલગ અલગ મૂલ્ય હોય છે , એટલે કુલ મળીને (૪^૩=૬૪) શક્યતાઓ ધરાવે છે . પરંતુ કમ્પ્યુટર પોતાના ૨ મૂલ્ય સાથે (૨^૮=૨૫૬) શકયતાઓ ધરાવે છે.

પણ આપણે આમાં આવડું ઊંડું શું કામ ઉતરીએ છીએ?


એક જ કારણ છે, ફક્ત એટલું વિચારો કે આ દુનિયામાં હાલમાં રહેલી (અથવા વિલુપ્ત થઈ ગયેલી) ૨૦ મિલિયનથી પણ વધુ પ્રજાતિની રચના ફક્ત આ ૬૪ શક્યતાઓથી થઈ છે ! તો પછી આટલી બધી વિવિધ જાતિઓ રચવાની આશ્ચર્યજનક કાર્યક્ષમતા ક્યાંથી આવી? બેશક, જિનમના બંધારણમાંથી.

હવે આ વસ્તુને બીજી રીતે સમજીએ :

લગભગ ૨0000-30000 જેટલા જિન્સ ભેગા મળીને કોઈ જિનમની રચના કરે છે . પણ મોટા ભાગના કોષ કોઈ માહિતીનો અમુક જ % ભાગ દર્શાવે છે.

આ વસ્તુ સમજી શકાય એમ છે, કેમકે કોઈ પણ કોષને બધા રસાયણો બનાવવાની કે બધી માહિતી પહોંચાડવાની હોતી નથી. ઉદાહરણ તરીકે , તમારું જઠર એવા કોષો નહિ ધરાવતું હોય કે જે કોષો ' ન્યુરોન્સ' ની રચના કરી શકે, કેમકે એની જરૂર નથી.

લગભગ બધા કોષો જિનમની એક સામાન્ય રચના કે પેટર્ન ધરાવે છે એટલે એ બહુ અગત્યનું છે કે બધા કોષોને એ ખબર પડે કે કઈ માહિતીની જરૂર નથી.



બસ ડી.એન.એ. નું કામ અહીંથી શરૂ થાય છે એને એવા જિનેટિક કોડ કે સ્ટેમ સેલ બનાવતા રહેવાનું હોય છે કે જેઓ પોતે પોતાનું કામ જાણતાં હોય .

કોઈ પણ સ્ટેમસેલ આખા જીવનમાં બધો સમય કાર્યરત રહેતું નથી. જ્યારે માતાના ગર્ભમાં કે પછી ઈંડામાં તે હોય છે ત્યારે જ પોતાનું એક વિશિષ્ટ કાર્ય એ શીખી લે છે અને પછી એવી જ રીતે વર્તે છે . દરેક સ્ટીમ સેલ પોતાનું ભવિષ્ય પોતે નક્કી કરે છે. આમનેઆમ એ વધુ વિશિષ્ટ બનીને કાર્ય કરે છે.

કમ્પ્યુટરના હાર્ડવેરની વાત કરીએ તો KERNELL પાર્ટ એ બધા કમ્પ્યુટર (CPU) નું મહત્વપૂર્ણ ભાગ છે જે બધા APPS તથા PROCESS વચ્ચે સંબંધ જાળવી રાખે છે . તેવી જ રીતે દરેક કોષ આખા KERNELL ની કોપી બની જાય છે, પણ એ ફક્ત એટલા ભાગનો જ ઉપયોગ કરે છે જેની એને જરૂર છે. એટલે કે જ્યારે કોઈ કામ આવી પડે ત્યારે, દરેક કોષ કામ કરવા માટે ચોક્કસ ભાગને જ સંદેશ પહોંચાડે છે અને આ કરવા માટે પોતાનો સંદેશ એ આર.એન.એ. ને લખી મોકલાવે છે , આના પછી જે પ્રોટીન માટે ડી.એન.એ. બનાવાયો છે એ જ પ્રમાણે આર. એન.એ. સૌથી પહેલા એમિનો એસિડ તથા પ્રોટીન બનાવે છે.

પણ સૌથી વધુ ખાસ કામ તો હવે થાય છે : એ પ્રોટીન ક્યાં જશે એની એને પોતાને શું ખબર ? એની પાસે કોઈ ઠામ-ઠેકાણું કોઈ સરનામું તો હોવું જોઈએ ને ! એટલે આ બનેલો (કે બનાવાયેલો) પ્રોટીન હવે પોતાનું ખાસ 'શિપિંગ અડ્રેસ' મેળવે છે. (હા હા , જ્યારે આપણે કોઈ ઓનલાઇન શોપિંગ કરીએ ને જે અડ્રેસ આવે એ જ !) આ એડ્રેસ કોષને જણાવે છે કે પ્રોટીન કોષમાં ક્યાં જોડાવા માંગે છે. પ્રોટીન એક વાર જોડાઈ ગયા પછી પ્રોટીન પોતાની કામગીરી કે જે માટે એ બન્યું હતું એ શરૂ કરી દે છે. આમ કોષનું કામ પૂરું થાય છે .

જોકે, આવું સતત જિનમમાં થયા જ કરે છે , ને ડી.એન.એ. તથા આર.એન.એ. તેની દેખરેખ રાખે છે. માની લો કે આ પ્રોટીન પાસે કોઈ વિશિષ્ટ 'શિપિંગ એડ્રેસ' જ નથી અથવા તે યોગ્ય જગ્યાએ જોડાતો જ નથી , તો શું થાય ? તો પછી એ કોઇ કામગીરી નથી કરી શકતું. આ બધું કામ ડી.એન.એ. બહુ વિશિષ્ટતાથી કોઈ નિષ્ણાતની જેમ લગભગ દરેક વખત વગર ચૂકયે કરે છે. આવી જટિલ પ્રણાલીમાંથી પણ બહુ હોશિયારીથી પોતાનું કામ કરાવે છે .

ખરેખર તો મસ્તિષ્ક પાસેથી બહુ ઝડપથી (વીજળીની ઝડપે) સંદેશ મેળવવો , એને સમજવો , એને આર.એન.એ. સુધી લખીને મોકલાવવો, અઢળક પ્રોટીનમાંથી પોતાને જરૂરી એવું પ્રોટીન મેળવવું , એને સાચી જગ્યાએ પહોંચાડવા સાચું એડ્રેસ પાઠવવું ને કામગીરી પૂર્ણ કરીને નવા કામ માટે ફરીથી તૈયાર થઈ જવું, એ પણ પલકવારમાં !!

તો , આપણા શરીરમાં ડી.એન.એ. આવી રીતે કામ કરે છે . એક આંગળીનું ટેરવું હલાવવાથી માંડીને કોઈ PUZZLE સોલ્વ કરવા માટે જે ત્વરિત ઝડપ, બુદ્ધિ તથા ઉર્જાની જરૂર પડે એ માટે એ દિવસ રાત કામ કરે છે.

શું લાગે છે? કોઈ કારણ વગર આવું બની શકે ?

આવી રીતે અપાર સચોટતાથી થતું માહિતીનું આદાન - પ્રદાન એ કોઈ સંયોગ ન હોઇ શકે! આ બધું બહુ જ ઝીણવટથી , ચોકસાઈથી , સંપૂર્ણ ખાતરીપૂર્વક , કારણયુક્ત માહિતીના સંચારથી જ શક્ય બને. આપણને ભેટમાં મળેલ ડી.એન.એ. ની આટલી સચોટ કાર્યક્ષમતા , આપણા ચાર્લ્સ ડાર્વિનના - કોઈ ચોક્કસ કારણ વગર, લઘરવઘર , એમને એમ અકસ્માતે વાંદરાઓમાંથી માણસ બન્યાની વાર્તા સાથે બંધ બેસે છે ખરી?

એમ અકસ્માતે, કોઈ પ્રજાતિમાંથી બીજી પ્રજાતિ બની જવાથી શું આવા લક્ષણો મળી શકે ?

એવું ખરેખર થઈ શકે ? એ મોટો પ્રશ્ન છે ...

2) વારસાગત લક્ષણોને અમુક હદે જ બદલી શકવાની ક્ષમતા :

આપણે સૌ આપણા માતા-પિતા કે પિતૃઓ વગેરે દ્વારા વારસામાં મળેલી લાક્ષણિકતા ધરાવીએ છીએ .

આ વારસાગત લક્ષણોનું કેટલું મહત્વ છે એને સમજવા માટે એક પ્રયોગ કરાયો જે આ મુજબ હતો :

વર્ષ ૨૦૦૭માં લિંકોપિંગ યુનિવર્સીટીના એક પ્રોફેસરે કેટલાક લોકોની મદદથી એક પ્રયોગ કર્યો. તેમણે સ્વીડનના એક મરઘાં ઉછેર કેન્દ્રમાં મરઘીના નાના બચ્ચાંઓને રાખ્યા.

આ બચ્ચાંઓ માટે તેમણે એક અલગ જ વાતાવરણ તૈયાર કર્યું, જે ઘણું તણાવભર્યું હતું. આ ઘરમાં કુદરતી પ્રકાશ આવી-જઇ ન શકે એવી રીતે ચુસ્ત ગોઠવણ કરી. એટલે તે



બચ્ચાંને હવે રાત-દિવસની કંઈ ખબર રહી નહીં .

એમને ક્યારે ખાવું એનો અંદાજ રહેતો નહીં !

એ તો ઠીક, પણ બધા મરઘાં કરે એમ સવાર પડતાં જ કૂકડેકૂક કરવું એ પણ ખબર ન રહેતી !

સમયની ગણતરી હવે તેઓ કરી શકયા નહીં. ઘરમાં જ મેજમાં છુપાડેલા અનાજના દાણા પણ તેઓ શોધી શકયા નહીં !

પ્રયોગના બીજા ભાગ હેઠળ હવે એમને બહારના કુદરતી વાતાવરણમાં એવા મરઘાંઓ સાથે રખાયા કે જેઓ પહેલેથી કુદરતી વાતાવરણમાં રહેતા હતા. પણ હજી પેલા બચ્ચાંઓના વ્યવહારમાં કાઈ ફરક ન પડ્યો.

હજી પણ તેઓ પોતાનો મેજમાં પડેલો ખોરાક શોધી શકતા નહિ.

આ પરથી પ્રોફેસરને ખબર પડી કે આ નિર્બળતા એમને વારસાગત એમની માતામાંથી જ મળી છે , જે એની માતામાં આજુબાજુના પર્યાવરણના કારણે આવી હશે.

વધુ સંશોધન કરતા એ પણ જણાયું કે આ વારસાગત બદલાવોએ એમના 'જિન્સ'ના મૂળભૂત લક્ષણોમાં પરિવર્તન કરી દીધું. એટલે એવું માની શકાયું કે થોડા સમય પહેલા એમની માતા મરઘીના 'જિન્સ' માં પણ આવા કોઈ તણાવને કારણે પહેલેથી જ પરિવર્તનો થઈ ગયા હશે , જે આ મરઘીએ પોતાના બચ્ચાંઓને વારસા રૂપે આપ્યાં !

મરઘીના બચ્ચાંઓ કેમ ઉત્ક્રાંતિવાદમાં જેમ કહ્યું છે એમ આજુબાજુના પર્યાવરણ સાથે અનુકૂલન ન સાધી શક્યા ? કેમ તેઓ પોતાના વારસામાં મળેલી મર્યાદાઓને દૂર ન કરી શકયા?

આવું ફક્ત મરઘીના કેસમાં નથી !

સ્વીડનમાં એક બીજો પ્રયોગ પણ કરાયો :

ત્યાંના 'NORBOTTEN' વિસ્તારમાં માણસો જે ખોરાક લેતા એના પર સંશોધન કરાયું. એ વિસ્તારમાં ખોરાકની અછત રહેતી . એટલે જો ત્યાંના લોકો ક્યારેક રોજ કરતા વધુ ખાઇ લે તો એમના પૌત્ર-પ્રપૌત્ર વગેરેનો જીવનકાળ લગભગ ૩૨ વર્ષ જેટલું ઘટી જવાની પૂરી સંભાવના રહેતી , અને એવું થવું શક્ય પણ હતું.

કેમ કે એને કારણે આવનારી પેઢીઓ માટે ભૂખમરો થઈ શકે એમ હતું !

એટલે તમારી ખાવાની આદતો તમારા પૌત્ર-પ્રપૌત્ર કે દોહીત્ર વગેરેના જીવનકાળ પર પણ અસર પાડે છે !

આવી અને એના જેવી મોટા ભાગની આદતો વારસાગત છે !

હવે આ પ્રયોગો વિશે ધ્યાનથી વિચારીએ તો જ ખબર પડે કે આપણું વધુ પડતું જીવન આપણા પિતૃઓ કે બાપ-દાદા જે છોડીને ગયા છે એના ઉપર જ વીતે છે અને એના વારસાગત લક્ષણો જે આપણામાં આવ્યા છે , એમાંના વધુ પડતા આપણામાં હજી સચવાયેલા પડ્યા છે.

અહીં જ ડાર્વિનની બહુ વખણાયેલી થિઓરી ખોટી પડે છે ! કેમ કે એની થિઓરી મુજબ દરેક પેઢીએ 'જિન્સ'માં પરિવર્તનો આવે છે , પોતાના વાલીના (માતા/પિતા) લક્ષણોથી અલગ પડે છે, તેમાં આવતા દરેક પરિવર્તન આજુબાજુના પર્યાવરણથી અનુકૂલન સાધવામાં મદદરૂપ થાય છે , ને જે વધુ અનુકૂલન સાધે છે એ જ ટકી રહે છે .

ક્યાં વારસામાં મળેલ લક્ષણો કે 'જિન્સ' ને ક્યાં સતત બદલાતા રહેતા 'જિન્સ' !

હકીકતમાં વારસાગત લાક્ષણિકતાઓને અમુક હદે જ બદલાવી શકાય છે !

આમ, આ બંને પ્રયોગના તારણો 'DARWINISM'ના મૂળ પાયા પર જ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે!!

આવા અને આના જેવા કેટલાય પ્રયોગો જે હાલના સમયમાં થઈ રહ્યા છે એ 'ઉત્ક્રાંતિવાદ' ની મર્યાદા સૂચવે છે !!

*

• હર્ષ મેહતા





‘સસ્તું મેળવવાની માનસિકતા’ એક પ્રેરક પ્રસંગ છે, જે સાચી ઘટના પર બનેલું છે. આપણાં રોજિંદા જીવનમાં પણ બનતી આ ઘટના સાદી જ છે, છતાં વિચારતાં કરી મૂકે એવી છે.

થોડા દિવસો પહેલાની આ વાત છે. હું મારા મિત્ર નીરવના ઘરે તેને મળવા માટે ગયો હતો. નીરવ રાજકોટ હોસ્ટેલમાં રહી ત્યાં કોમ્પ્યુટર એન્જિનયરિંગનો અભ્યાસ કરતો હોવાથી અમે બન્ને મિત્રો લગભગ ત્રણેક મહિના બાદ મળ્યા હતાં, તેથી તેનાં ઘરની બહાર ઓટલા પર બેઠાં બેઠાં જૂની વાતો યાદ કરતા હતાં અને હાલમાં કોલેજમાં ભણવાનું કેવું ચાલી રહ્યુ છે, ત્યાં હોસ્ટેલમાં રહેવાની અને જમવાની સગવડ કેવી છે, ફુરસદના સમયમાં રાજકોટમાં રખડવાની કેવીક મજા આવે છે, વગેરે વાતો ચાલતી હતી.

તેવામાં એક પાંસઠેક વર્ષના લોખંડનાં ઓજારો વેચવાવાળા વૃદ્ધ જેને આપણે 'ગાદલિયા' કહીયે છીએ, તેઓ શેરીમાં જોરથી બોલતાં બોલતાં નીકળે છે. "લેવી લોખંડની તવી સાંણસી ચારણી ધમેલા !"

તેમનો અવાજ સાંભળીને બાજુના ઘરમાંથી એક બહેન બહાર નીકળે છે અને પૂછે છે, "કાકા સાણસી કેમ આપી ?" વૃદ્ધ જવાબ આપે છે, "80 રૂપિયા." પેલા બેન તો સીધા બોલ્યાં "કાકા, આટલી સાંણસીના કાંઈ 80 રૂપિયા હોય ? કાંઈક વ્યાજબી ભાવ લગાવો."

વૃદ્ધ કાકા કહે છે, "ચાલો બેન 70 રૂપિયા આપજો, બસ ! બોણી કરવાનો ટાઈમ છે. વધારે રૂપિયા નહીં લઉં. સવારથી હજુ સુધી કંઈ વેચ્યું નથી. બહેન કહે છે, "આના 70 રૂપિયા નહીં આપું, 40 રૂપિયામાં આપવી હોય તો આપો, નહીંતર તો રહેવા દો." એટલે વૃદ્ધ કહે છે, "બેન, સાવ ૪૦ રૂપિયામાં તો નો પોહાય. સારામાં સારા આવતાં લોખંડમાથી બનાવેલી છે. અમે મશીન પર કામ કરીને રૂપિયા નથી કમાતા મારી બેન, આતો અમે પોતે જાતે ભઠ્ઠા પર ગરમ કરીને બનાવેલી છે ૪૦ વર્ષ સુધી કાંઈ ન થાય એની ગેરંટી. બજારમાં તમે કોઈ પણ દુકાને પૂછી આવો ૪૦ રૂપિયામાં આપે તો હું તમને મફતમાં આપી દેવા તૈયાર છું, બસ ! ચાલો, ૫૦ રૂપિયા આપજો. "

એવામાં વળી પેલા બેનનો છોકરો બોલ્યો કે, "અરે ! ૫૦ રૂપિયા આપી દેને મમ્મી, ૧૦ રૂપિયા માટે કેવી મગજમારી માંડી છે. " એટલે પેલા બેન તેના દીકરાને કહે છે, "જા, ૫૦ રૂપિયા લઈ આવ, ઘરમાં ફ્રિજ પર રાખેલા પાકીટમાં છે." છોકરો ૫૦ રૂપિયા આપી સરસ મજાની લોખંડની સાણસી લે છે. ઘરમાં જતી વખતે છોકરાની મમ્મી અને છોકરા વચ્ચે કાંઈક આવો વાર્તાલાપ થાય છે. હું અને નીરવ બહાર ઓટલા પર બેઠા બેઠા આ સમગ્ર ઘટના જોતાં હતાં અને દિકરા અને તેની મમ્મી વચ્ચે થતો વાર્તાલાપ સાંભળતા હતાં.

મમ્મી ગુસ્સામાં કહે છે, "તારે વચ્ચે ડોઢડાહ્યા થવાની શું જરૂર હતી ? વચ્ચે બોલ્યા વગરનો રહી જતો હતો, તું બોલ્યો ન હોત તો ૪૦માં આપી દેત. રૂપિયા બહુ વધી નથી ગયા તે દાતારી કરવા નીકળ્યો છે. "

દિકરો જવાબ આપે છે, "આ લોકો મજૂરી કરીને વસ્તુઓ બનાવે છે, સાચી મહેનતથી બનાવીને વેચે છે. તમે તેમની પાસે ભાવ ઓછાં કરાવો છો અને મોલમાં કે કોઈ શો-રૂમમાંથી વસ્તુ ખરીદવા

જાવ, ત્યાં તો કોઈ દિવસ એક રૂપિયોય ઓછો નથી કરાવ્યો. તમે જોયું નહીં કે પેલા કાકા એ કપડા કેવા મેલા ઘેલા અને જૂના પહેર્યા હતાં અને તેમનાં શરીર પરથી જ દેખાતું હતું કે તેઓ મજૂરી કરીને કમાય છે. માત્ર ૧૦ રૂપિયામાં તો શુ ફેર પડી જવાનો હતો ? અને આ માટે તો હું બોલીશ જ, ભલે રૂપિયા વધી ગયા હોય કે નહીં. મે સાચું જ કર્યું છે. "એક નિશ્ચિત હદ સુધી ભાવ ઓછા કરાવીએ તે વ્યાજબી કહેવાય પરંતુ સાવ પાણીનાં ભાવે આપણે વસ્તુ ખરીદવા માંગ કરીએ તેંતો વ્યાજબી ન ગણાય.

મમ્મી: હા ઠીક છે. ચાલ હવે ઘરમાં, શેરીમાં દરવાજા પર લપ માંડી છે તે !

હવે બન્ને ઘરનો દરવાજો બંધ કરીને ઘરમાં ચાલ્યા જાય છે.

આ મારી નજર સમક્ષ બનેલી સત્યઘટના છે. માણસની લોભવૃત્તિ કેટલી પ્રબળ છે એ દર્શાવવા અહીં ઘટનાને હૂબહૂ ચિતરવાનો પ્રયાસ કર્યો છે.

*

• ભાવિક ચૌહાણ

લહેરખી



દરિયો ગમે ? તો તો સાગરખેડૂના અનુભવો પણ વાંચવા ગમતાં જ હશે ! આ કોલમમાં વાંચો સાગરખેડૂઓના સાહસો અને તેમની જિંદગી વિશે, જેને લેખકે આબેહૂબ વાર્તામાં ચિત્રણ કરવાનો પ્રયાસ કર્યો છે.

છેલ્લા બે દિવસથી સતત વરસતો વરસાદ બંધ થવાનું નામ નોહતો લેતો. સર્વત્ર પાણી ફરી વળ્યું હતું. પવનના ભયાનક સુસવાટાઓથી વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતાં. ઘરોમાં પુરાયેલા લોકોના જીવ ફફડી રહ્યા હતાં. કઠણ છાતીના લોકો માટે પણ ઘરની ભાર નીકળવું મુશ્કેલ હતું. ઈન્દ્રદેવ જાણે મહાપ્રકોપ વરસાવી રહ્યા હોય તેમ અનરાધાર વરસી રહ્યા હતાં. બીચારા નિર્ધાર બનેલા કેટલાંય લોકો જ્યાં ત્યાં ફસાયેલા હતાં. નદીઓ ગાંડીતૂર બની વહેતી હતી. દરિયાકિનારે ત્રણ નંબરનું સિગ્નલ ભયની ઘંટડી વગાડી રહ્યું હતું. સમયસુચકતા વાપરી માછીમારો એ પોતાની બોટોને કિનારે લંગારી દીધી. આ ભયાનક વાતાવરણમાં માછીમારી કરવું અસંભવ જેવું જ હતું. દરિયાની ખાડીમાંથી જાણે ઘોડાપુર ઊમટી પડ્યા હતાં. ધોધમાર વહેતું પાણીનું વહેણ અસંખ્ય વસ્તુઓને પોતાના પ્રવાહની સાથે તાણીને લઇ જતું હતું. ધસમસતાં પ્રવાહને કારણે કિનારે લાંગરેલી બોટોના દોરડા કડકડાટી બોલાવી રહ્યા હતાં. ક્યાંક-ક્યાંક તો વળી મજબુતીથી બાંધેલા દોરડા પણ તૂટવા લાગ્યા હતાં. અને તૂટતાંવેંત અનેક બોટો એકબીજા સાથે ટકરાઈ જતી હતી. ઘડીભર માહોલ તંગ બની જતો અને ખલાસીની દોડાદોડી અચાનક વધી જતી

દેવજી પણ જાતે ખારવો એટલે નાની બોટ લઈને માછીમારી કરતો અને પોતાનું ગુજરાન ચલાવતો. આમેય ખારવાને દરિયા સાથે રમત કરવામાં જ અનેરો આનંદ આવતો હોય છે. દરરોજ પોતાની હોડી અને જાળ લઈને જાય અને જે મળે તે માછલા પકડી લાવે. તેની પત્ની માર્કેટમાં વેચી આવે અને જે મળ્યું તેમાં ખુશ. આ વરસાદી વાતાવરણમાં માછીમારી કરવા જવાનો અવસર ના મળ્યો. તેમ છતાં હોડીની ચિંતા તો હતી જ ! સવારે જ હોડી સારી રીતે બાંધી છે કે નહિ તેની ચકાસણી કરી હતી. નાનું એવું ઝુંપડા જેવું ઘર પણ બિલકુલ દરિયાની સામે જ. દરિયાના ઘૂઘવતાં પડછંદ મોજાના અવાજો સંભાળતા જ રોજ રાતે સુવાનું હોય અને તો જ નીંદર આવે તેને.

“પપ્પા, આપણી હોડીને જોઈ આવું ? સરખી બાંધીશ કે નહીં ?” સાત-આઠ વરસની દિશા તેના પિતાને નિ:સંકોચતાથી અને જુસ્સાભેર પૂછતાં સામે ઉભી રહી.

બદેવજી મૂછમાં હસ્યો.દીકરીની પોતાની હોડી પ્રત્યેની લાગણી તેની નિર્દોષ આંખોમાં તે સ્પષ્ટ જોઈ શક્યો. જોરદાર પવનથી આવતી વાછટથી એકાએક બારીએ ફફડાટ કરી મુક્યો.

“પપ્પા જો તો ખરી, કેવો વરસાદ આવે છે આપણી હોડી તણાઈ જાયની કાંઇક !નાનકડી દિશાએ ફરી પોતાની ચિંતા પપ્પા સામે ઠાલવી.

“અરે મારી દીકરી, એમ કાય થોડી તણાઈ જાય . . .” હજી વાક્ય પુરુ થાય ત્યાંજ એકાએક કોઈ દરવાજા પર ધક્કા મારતું હોય એમ તેમ દરવાજા ધ્રુજી ઉઠ્યાં. એક મોટું ટોળું દેવાજીના ઘરના

દરવાજે ઉભું રહી દરવાજો થપકારી રહ્યું. દેવજી ગભરાયો ! શું થયું ? તે હેબતાઈ ગયો. હૈયામાં થોડોક ફફડાટ થયો. તેણે ગૂંચવાયેલા ચહેરે અચકાતાં અચકાતાં દરવાજો ખોલ્યો. વરસાદથી પલળેલા પાંચ સાત માણસોનું ટોળું ઘરમાં ધુસી આવ્યું. હતાં એ બધા તેના મિત્રો જ ! દિશા દોડીને તેના પિતાની પીઠ પાછળ સંતાઈ ગઈ. ઓચિંતા આટલા બધા લોકોને ઘરમાં આવી ગયેલા જોઈને તે પણ થોડી ધ્રુજી ગઈ.

“અરે, અરે શું છે ? આમ ઓંચિંતા ! આવા વરસાદમાં ? થયું હું ? દેવજીએ એકીશ્વાસે બધું પૂછી નાખ્યું.

“જલ્દી ચાલ તારી હોડી લઈને આપણે બાજુમાં ગામમાં જવાનું છે.” દેવાજીના ખાસ મિત્ર સતિષે આતુરતા અને ઉતાવળ સાથે કહી નાખ્યું.

“પણ થયું છે શું ? ઈ તો કે” દેવજી ગુંચવાયો. તેણે હજી કંઈ સમજાતું ન હતું.

“ઈ બધું તને રસ્તામાં કેશુ, તુ હાલ પેલા. જલ્દી કર. ત્રણ જણાનાં જીવ જોખમમાં છે.” બીજો એક મિત્ર દેવજીને ઘરની બહાર ખેચી જતા કહી રહ્યો. દેવજીએ જતાં જતાં દિશાની ઝાંખી હાકલ સાંભળી ન સાંભળી ત્યાં મિત્રો તેણે દરિયાકિનારે બાંધેલી હોડી સુધી ખેંચી આવ્યા.

“હમણાં ખબર પડી છે કે બાજુના ગામમાં નદીમાં પૂર આવ્યું છે એટલે બચારા એક ઘરના મા'ણા એમાં ફસાઈ ગયા છે. એમનું ઝુંપડું પણ તણાઈ ગયું છે. અને ઈ લોકો પણ નદીની વચમાં ફસાયા છે. આપણે જલ્દી તારી હોડી લઈને ત્યાં જવાનું છે. અને ઈને બચાવા હાટું મહેનત કરવાની છે. સતિષે હોડીના છેડા છોડતાં બધી જ વિગત દેવજીને કહી સંભળાવી. દેવજીની આંખો પણ ચમકી ઉઠી. ‘પાણીના પ્રવાહમાં કોઈ જિંદગી ફસાય અને ખારવો હિંમત ના કરે તો તો લાજી મરવું પડે.

“પણ આપણે હોડીને એ ગામમાં લઇ કેમ જાશું ? ત્યાં કોઈ હોડી જેવું નહી હોય ? આપણે ઉતાવળ કરાવી પડશે” દેવજીએ થોડી શંકા વ્યક્ત કરી.

વરસાદ હજી બંધ થવાનું નામ લેતો ન હતો. એકાએક મેઘગર્જના થઈ એટલે બધાના જીવ ફફડી ઉઠ્યા. વીજળીનો તેજ લિસોટો આકાશમાં દેખાયો ન દેખાયો અને ત્યાં ઝબકારો કરી ગાયબ થઈ ગયો. વીજળીનો ડરામણો અવાજ દરેકના કાનમાં પડઘાતો રહ્યો. સમય સુચકતા વાપરી એક મિત્રએ તાબડતોડ ગાડીની વ્યવસ્થા કરી લીધી. બીજા પણ કેટલાક ખારવાઓ મદદે આવી પહોચ્યા. બધાએ હિમ્મત કરીને હોડીને દરિયામાંથી બહાર ખેંચી લીધી. પોતાની ઘરેલું તરકીબનો ઉપયોગ કરી હોડીને ત્યાંથી મોટી ખુલ્લી ગાડીમાં ચાઢાવવામાં આવી. દેવજી ઉત્સાહમાં હતો. તેને જલ્દી ત્યાં પહોચવું હતું. કદાચ આપના પહોચતા પહેલા ત્યાં અજુગતું બની જાય તો ! તો તો જિંદગીભરનો અફસોસ રહી જાય. તે વિચારથી તેની ભમ્મર ચઢી આવી. હોડીને જેમ તેમ ગાડીમાં બાંધી, છલાંગ લગાવી એકસાથે બધા ચઢી ગયા.

ગામમાં પહોચતાંવેંત ગામલોકો ઉત્સાહમાં કિકિયારીઓ કરી ઉઠ્યાં. ખારાપાણીના ખારવા

આવી ગયા છે એટલે હવે હિંમત કરશે. ગમે તેમ કરી પ્રવાહ સાથે તે લડી લેશે પણ મુકશે નહી. તેવો બધાને દ્રઢ વિશ્વાસ બેસી ગયો. ગાંડીતૂર બનીને વહેતી નદી જાણે ક્રોધે ભારાયેલી, ફૂંફાડા મારતી નાગણની જેમ ભયંકરતાથી વહેતી હતી. પ્રવાહની વચ્ચે એક મોટી શીલા દેખાતી હતી. અને હમણાં પ્રવાહમાં તણાઈ જશે તેવી હાલતમાં ડગમગી રહેલું એક વૃક્ષ દેખાઈ રહ્યું હતું. એક ખેડૂત પરિવાર જીવ બચાવવા વલખા મારી રહ્યો હતો. ચાલીસેક વરસના ખડતલ પુરુષનું શરીર પાણીના પ્રવાહમાં તણાતું હતું. તેમ છતાં તેણે ઝાડના થડને ખુબ જ મજબુતાઈથી પકડ્યું હતું. જો ઝાડ ઉખડી જાય તો તે પુરૂષનું જિંદગી પણ તે પાણીના પ્રવાહમાં તણાઈ જાય તે નક્કી. તેની અગિયાર વરસની દીકરી અને તેની પત્ની ત્યાં શીલા પર જેમ તેમ કરી પોતાનો જીવ બચાવવા વલખા કરી રહ્યા હતાં. કિનારે ટોળા વળેલા લોકોને બરાડા પાડી પોતાને બચાવવા પોકારી રહ્યા હતાં. હવે તો કંઠમાંથી અવાજ પણ બહાર નીકળતો ન હતો. રડી રડીને આંખો પણ બહાર આવી ગઈ હોય તેમ પહોળી થઈ ગઈ હતી. ત્રણેયના જીવ અધ્ધર હવામાં લટકી રહ્યા હતાં. પણ જાણી જોઈને કોણ મોતના મોંમાં આંગળી નાખે ? ટોળામાંથી કોણ આ વેગીલા પ્રવાહમાં પડે ? કોણ હિંમત કરે ? તે પણ આવા ગડગડાટ થતા મેઘગર્જના અને ધોધમાર વરસાદમાં ! જ્યાં આંખો પૂરી ખોલીને જોઈ પણ નહોતું શકાતું !!

"માં-પપ્પા" ખેડૂતની દીકરીના હૈયામાંથી અંતર્નાદ સરી પડ્યો. વરસાદની બુંદો સાથે આંખોમાંથી વરસતી બુંદો ભળી જતી હતી. વારેવારે ભગવાનને કરગરી રહેલી મા પણ પોતાની નિ:સહાયતા પર દ્રવી ઉઠી. સેંકડો માણસોની હાજરીમાં ત્રણ જિંદગીઓ બુઝાઈ રહી હતી. કિનારે ઉભેલા લોકોના હૈયા પણ વલોવતા હતાં. પણ કરવું શું ? કોણ સાહસ કરે ?

"હાલો હાલો હોડીને હેઠે ઉતારો" દેવજીએ બધાને હાકલ કરી. સાથે લાવેલા દોરડાના હાકલાને તેણે ખભે નાંખ્યો અને ગાડીમાંથી સીધો જ કૂદકો માર્યો. હોડી પ્રમાણમાં નાની હતી પણ દેવજીની હોડી એટલે સુવિધા પણ પૂરી જ હોય. નાનકડું મશીન પણ તેમાં લાગેલું જ હતું. જોકે જે ગતિથી પ્રવાહ વહેતો હતો તે જોતા હોડીને સીધી લીટીમાં ગતિ કરાવી ત્યાં પહોંચાડવી શક્ય ન હતું.

દેવજીએ સાથે લાવેલા દોરડાનો એક છેડો કિનારે ઉભેલા લોકોને આપતા કહ્યું "આને તાકાતથી બધા પકડી રાખજો મુકતા નહી. રામભાઈ તું આયાં જ રહે, આ લોકોની હારે."

"હા, લાવો છેડો મારી પાસે"

"લે, મદદ કરો બધી" દેવજીએ ટોળાંને ઉદ્દેશીને કહ્યું.

હોડીને ખુબ દૂરથી નદીમાં ઉતારવામાં આવી. જેથી પ્રવાહ સાથે હોડી તણાતી જાય. સીધી ગતિમાં જવાનું હોવાથી પ્રવાહનો અવરોધ કાપતાં ખુબ વાર લાગે. માટે ધીરે ધીરે ગતિ થાય તો પ્રવાહ સાથે તણાતાં પેલી શિલા સુધી પહોંચી શકાય.

બે ત્રણ મિત્રોએ હોડીમાં જગ્યા લીધી. હોડીનું મશીન શરુ થયું. પ્રવાહ સાથે રમકડા જેમ તણાતી હોડી મંદ મંદ કરતાં ફસાયેલા પરિવાર તરફ સરકી રહી. ખેડૂત પરિવારના હૈયામાં થડકારો વધી ગયો. હમણાં જરા જોશમાં પ્રવાહ આવશે એટલે માંડ માંડ ટકી રહેલું આ ઝાડનું થડ તૂટીને પાણી સાથે તણાઈ જશે તો ! એવો ભય સતત માથે તોળાતો રહ્યો.

"બચાવો... બચાવો... ઓહ મા" મોત સામે સતત ઝઝૂમી રહેલી નાનકડી દીકરીનો ચિત્કાર દેવાજીના કાને ટકરાઈને પ્રવાહ સાથે ભળી ગયો. દેવજીનું હૈયું ત્યાં જલ્દી પહોચવા હવે અધીરું બની ગયું. સમય ખુબ ઓછો હતો. જરા સરખી ગફલત પણ ત્રણ જિંદગીઓનો ભોગ લઇ લે તેવી શક્યતા હતી. કિનારે વ્યાકુળ બનીને ઉભેલા ટોળાએ તેના પર મુકેલો વિશ્વાસ તેણે મજબુતાઈ આપી રહ્યો હતો. દોરડાના મોટા હાક્લામાંથી દોરડું સતત ઘટતું જતું હતું. હોડી હવે ખુબ નજીક પહોંચી ગઈ હતી. ખેડૂત પરિવારની આંખો બોચીએ આવી ગઈ હતી. હિંમત ખૂટી ગઈ હતી. હોડીને પકડી લેવા તેમના હાથ અધીરા બન્યા હતાં.

હોડી હવે અડોઅડ આવી ગઈ હતી. પેલા દોરડાનો બીજા છેડાનો હાંકલો કરી દેવાજીના મિત્રએ સામેના બીજા કિનારે પૂરી તાકાતથી ઘા કરી દીધો. આંખના ઇશારે કિનારે ઉભેલા લોકોએ તેણે પકડી લીધો. સામે ઉભેલા અડીખમ વૃક્ષ સાથે તેણે બાંધી દેવામાં આવ્યો. હવે નદીના પટ પર એક સળંગ દોરડું બંધાઈ ગયું હતું. એક છેડો વૃક્ષ સાથે બંધાઈ ગયો અને એક છેડો સામેના કિનારે દેવજીના મિત્રો અને લોકોના ટોળાએ જાણે એક જ ગુરુના બે ચેલા હોય તેમ પૂરી તાકાતથી પકડી રાખ્યો.

"સતીશ આ સેરાને પકડી લે, હોડીને પકડો . . . વચારે રહેજો બધી, નમી ના જાય." દેવજીએ એ તરફ જોઈ હાકલ કરી.

"હા તું પેલાને લઇ લે જલ્દી. ઝાડ આઘડે તૂટી જાયે.લિ જે મારો ભાઈ." સતીશનું દિલ ધબકાર ચૂકી જતું લાગ્યું.

દેવજીએ ખેડૂતનો હાથ પકડી રાખ્યો. તે સાથે જ નદીના પ્રવાહમાં જાણે એકાએક તાકાત વધી હોય તેમ વૃક્ષ ધરાશાયી થયું. તે સાથે જ વૃક્ષ તણખલાની પેઠે પ્રવાહ સાથે બળીને ચાલી નીકળ્યું. ઝાડ પડતાની સાથે જ ખેડૂતની પત્ની પણ પ્રવાહ સાથે તણાઈ જતી લાગી. બીજા એક મિત્રએ તરત દોરડાનો એક છેડો તેના તરફ નાંખ્યો પેલી સ્ત્રીએ તરાપ મારી છેડો પકડી રાખ્યો. તેના મોમાંથી તીણી ચીસ નીકળી ગઇ. માની હાલત જોઈને દીકરીના મોમાંથી પણ આહ નીકળી ગઈ. "મા"

ડુસકા ભરતી નાની દીકરીનો હાથ પણ છટકતો જણાયો. પાણીની પ્રચંડ તાકાત સાથે અત્યાર સુધી નીડરતાથી લડી રહેલી દીકરીની ધીરજ હવે ખૂટી રહી. ખેડૂતે મહામહેનતે હોડીને પકડી લીધી. જેવી તાકાતથી તેણે અત્યાર સુધી થડને પકડ્યું હતું એ જ તાકાતથી તેણે હોડી પણ તરાપ મારીને પકડી લીધી. દેવજીએ તેણે

ચપળતાથી હોડીમાં ખેંચી લીધો. તેની પત્નીને પણ હોડી સુધી ખેંચી લાવવામાં આવી. હોડીમાંથી અડધું શરીર બહાર કાઢી સતિષે નાની દીકરીને હોડીમાં લેવાનો પ્રયાસ કર્યો. અફસોસ ! હાથમાં આવેલો હાથ પકડાયો ન પકડાયો ત્યાં વહેણનો પ્રવાહ થોડે દૂર તાણી ગયો. જોતજોતામાં એકપળનો પણ વિચાર કર્યા વગર દેવજીએ દોરડું પકડી નદીમાં છલાંગ લગાવી દીધી. નદીના ધસમસતાં પ્રવાહમાં વિખુટી પડી ગયેલી દીકરીને આંચકા સાથે તેણે પકડી લીધી. એક હાથે દોરડાના સેરાને દ્રઢ મનોબળથી પકડી રાખ્યો. અને બીજા હાથે દીકરીને પકડી લીધી. સામે વહેતો પ્રવાહ ક્યારેક માથા ઉપરથી પસાર થઈ જતો હતો અને ઘડીભર શ્વાસ રૂંધાવા લાગતો.

"ખેચો . . . જલ્દી . . . " ફૂલી ગયેલા શ્વાસે તેણે સતીશને હાકલ કરી. માથે વરસતા વરસાદની બુંદો જાણે તીર હોય તેમ ચહેરા પર વાગી રહી. આંખો ખોલીને સામે જોવું પણ કઠિન થઈ પડ્યું.

"હાલો . . ખેચો . . તાકાત કરો . . જલ્દી . . સતિષે રાડ પાડી. ખેડૂત દંપતીમાં તો હવે શારીરક હિંમત બચી જ ન હતી. પણ સામે દીકરીની જીવ સંકટમાં હોય ત્યારે હિંમત હૈયામાંથી જન્મે છે. બધાએ એક સાથે તાકાત કરી દોરડાને ખેચ્યું. કિરણે નદીના પટ પર લંબાવેલા દોરડાને મજબુતાઈથી પકડી રાખ્યું હતું. જેથી હોડી પ્રવાહ સાથે તણાઈ ન જાય.

ઓચિંતા બધા જ હોડીમાં એકબાજુ આવી જવાથી હોડી એક તરફ નમી ગઈ.! દરેકના હૃદય એક સાથે ધબકી ઉઠ્યા. બંને કિનારે ઉભેલા લોકોના જીવ પણ તાળવે ચોટયા. ડગુમગુ થતી હોડી ફરી સ્થિર થઈ. અને બધાએ હળવો નિ:સાસો નાંખ્યો.

ક્ષણભર વીજળીના કડાકાથી આકાશમાં જાણે હજારો ટ્યુબલાઈટ એક સાથે ઝબકી હોય તેવો ઝબકારો થઈ ગયો. ફફડતા હૈયે દેવજી અને નાનકડી દીકરીને હોડીમાં ચઢાવવામાં સફળતા મળી. બંને કિનારે ટોળે વળેલા લોકોના જીવમાં જીવ આવ્યો.

દેવાજીનો શ્વાસ ફૂલી ગયો હતો. નાનકડી દીકરી તો બિચારી અર્ધબેભાન અવસ્થામાં જ હોડીમાં ઢળી પડી. વધુ પડતું પાણી પી જવાથી તેની માતા પેટ દબાવવા લાગી. હિબકા દ્વારા પાણી બહાર નીકળ્યું. માની આંખમાંથી હર્ષના આંસુ સરી પડ્યા. દેવદુત સમાન સામે ઉભેલા ત્રણ મિત્રોને નીતરતી આંખે જોઈ રહી. તેનું હૃદય ભરાઈ આવ્યું.

"ખમ્મા મારા વીરા . . ." વધારે બોલે તે પહેલ તો ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. અને ફરી આંસુ સરી પડ્યા.

"જવા દેવ આસ્તે આસ્તે" દોરડાનો જ સહારો લેતા દેવજીએ સૂચના આપી. હોડી કિનારા તરફ આગળ વધતી રહી. દેવાજીનો શ્વાસ હવે માંડ હેઠો બેઠો.

"વાહ ખારવા વાહ ! રંગ છે હો ભાઈ , હિંમત તો તમારા બાપની હો બાપલીયા" કિનારે ઉતરતાવેંત જ એક વૃધ્ધે દેવજીની ટીમને પીઠ થાબડતાં આશીર્વાદ આપ્યાં.

દેવજીએ સામે ઉભેલા લોકોના ટોળા તરફ નજર કરી. દરેકની નજર મૂક બની તેણે આશીર્વાદ આપી રહી હતી. તેનું હૈયું ગદગદ થઈ આવ્યું. લાગણીના પ્રવાહમાં તણાય તે પહેલા જ તેણે મન મક્કમ કરી લીધું.

“હાલો . . . હાલો . . . હવે હોડીને ગાડીમાં ચઢાવવા લાગો.. અમે તો થાકી ગયા મારા ભાઈ” હસતાંહસતાં તેણે વાતાવરણને હળવું કરી નાખ્યું. દરેકની આંખો ખુશીથી છલકી ઉઠી. તેણે જ્ઞાનાકડી દીકરીને માથે હાથ ફેરવ્યો.

‘મારી દિશા તારા ભેગી જ ભણે છે ને ! શાળામાં ધ્યાન રાખજે એનું” દેવજીએ દીકરીને કહ્યું અને બધા હસી પડ્યાં.

*

- **વિષ્ણુ ભાલિયા**

ફેશન ફંડા

ફેશનની A B C D



‘ખજાનો’ના આ પહેલા અંકમાં ‘ફેશન ફંડા’માં જાણો ફેશનની અમુક બેઝિક વાતો. રોજબરોજના જીવનમાં કામ લાગશે !

ફેશનનો કક્કો નહીં, એ, બી, સી, ડી, એફ...

વસ્ત્ર પરિધાન કે પછી પોશાક ધારણ કરવાની ઢબ કે શૈલી, એટલે ફેશન. ગુજરાતીમાં ફેશન શબ્દનો સરળ અર્થ કાઢવાનો પ્રયત્ન કરીએ તો મજા આવે એવું નથી. આપણે તો ફેશન શબ્દને જ જાણે પોતાનો કરી મૂક્યો એમ છૂટથી વાપરીએ છીએ. હેં ને? જો કે ફેશન એ ફક્ત વસ્ત્રસજ્જા પૂરતું સીમિત ક્યાં છે? ઉપયોગમાં લેવાતી લગભગ હરેક પ્રચલિત વસ્તુ કે બાબતને ફેશન શબ્દ સાથે જોડી શકાય છે. એ દરેક બાબત જે સામાન્ય જીવન સાથે સંકળાયેલ છે એનો સીધો સંબંધ ફેશન સાથે જોડી જ શકાય છે.

આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો કોઈ પરિવાર સરસ મજાનું તૈયાર થઈને હોટેલમાં જમવા નીકળે. એ લોકોએ પહેરેલ નિતનવાં વસ્ત્રો પહેરીને સેલ્ફી પડાવે. આ ચલણ વધવાને લીધે, કપડાં, ફોન આસપાસનું હોટેલનું સુશોભન જેવી અનેક બાબતોમાં સુધાર આવે અને નવીનીકરણ થાય. આ તો એક નાનકડું ઉદાહરણ હતું. રાજનીતિમાં પણ જુઓને કેવા સફેદ, રંગીન જભ્ભા, કુર્તા અને બંડીઓ અને કોટીઓ પહેરાય છે! હવે વિચારો કે રાજકારણમાં શું જરૂર ફેશનની? પણ જે ચલણમાં હોય એ અપનાવાય જ છે! સામાજિક વલણ જોઈએ તો લગ્નપ્રસંગ હોય કે પછી કોઈ કાર્યાલય, જ્યાં જે શોભતું હોય ત્યાં તે પહેરાય. આપણે અનાયાસે જ ફેશનના રવાડે ચડી જ જઈએ છીએ. પછી રમતગમત હોય કે શાળા-કોલેજના વાસ્ત્રો અને અન્ય ઉપયોગી ચીજો. બજારમાં પણ એજ બધું મળવા લાગે છે જેનું ચલણ સર્વત્ર વધારે હોય.

ફેશનની એ, બી, સી, ડી, એફ... સમજવા જઈએ તો એક રમત જેવું લાગશે, તમને થશે આ તો હું જાણું જ છું, એમાં શું નવું? એ ફોર, અફફોર્ડેબલ ! જે પણ વસ્ત્રપરિધાન કે રાચરચીલું અપનાવીએ, ખરીદીએ એ આપણને પોસાવું તો જોઈએને? આપણે પહોંચ કરતાં વધુ અને જરૂરિયાત કરતાં વધારે ખરીદ કરીએ છીએ. ઓનલાઈન ઈશોપ પર મળતું અધધ ડિસ્કાઉન્ટ અને મેધામોલમાં લટકતાં લલચાઉ સેલના પાટિયાં આપણને એફોર્ડેબલનાં તત્વને નકારવા મજબૂર કરે છે અને આપણે જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં ખરીદી કરી લઈએ છીએ.

બેલેન્સ, ફેશનમાં બેલેન્સ દરેક મુદ્દે જોઈએ તો કપડાંમાં તેના રંગ, રૂપ, ડિઝાઈન અને કાપડમાં સમતોલન છે કે નહીં એ ચોક્કસ જોવું રહ્યું. ક્યારેક કંઈક એવું લાગતું હોય છે કે કંઈક ખૂટે છે. એ શું ખૂટતું હોય એ આ બેલેન્સ છે! પછી ફેશનને ફકત કપડાં, ફર્નિચર કે એસેસરીઝને લઈને નહીં પણ પ્રવર્તમાન દરેક બાબતે સુમેળ હોય તો જ એ ટ્રેન્ડ હોય. એટલે કે એનું ચલણ વધારે હોય.

સી, અક્ષરને આપણે ક્લાસિફિકેશનમાં લઈએ. વર્ગીકરણ તો કરવું જ રહ્યું એ હાલમાં ચાલતું હોય એ બાબતનું. ક્યા વર્ગના લોકો શું વાપરવું પસંદ કરે છે, કેવું વાપરે છે, એમની માંગ અને એમની ખરીદશક્તિ તો ચોક્કસ સમજવી રહી. આજ 'સી'ને આપણે કમ્ફર્ટ સાથે પણ ફેશન સંદર્ભે અચૂક લેવો પડે. જે માફક આવે, ખીસ્સાને અને વ્યક્તિને એ જ અપનાવવું એ સૂત્રને અનુસરીએ તો જ મેળ પડે. નહીં તો 'કૌઆ ચલા હંસ કી ચાલ' લાગે.

ડિસન્સીનો અર્થ અહીં જરા અલગ રીતે જોઈએ તો ફેશન સાથે ડિસન્ટનો જાજો મેળ કરવો અઘરો લાગે. કારણ કે જેમને નવીન રાચરચીલું અને કપડાંનો શોખ રાખનાર વ્યક્તિ કેટલું વૈવિધ્ય ઇચ્છે છે એની પર છે. તેની વ્યક્તિગત પસંદગી, તેનું સામાજિક સ્થાન અને

વ્યવસાય પર પણ નિર્ભર કરે છે. જેમ કે કોલેજમાં ભણતાં છોકરા-છોકરીઓએ અપનાવેલ ફેશનની સુઘડતા, એમણે વાપરેલ પરિધાન એમની ઉંમરને શોભે એવું જ હોય. સામે છેડે કોઈ બેંકમાં કામ કરતા કર્મચારી કે ડોક્ટર, વકીલના વ્યવસાયમાં પણ રંગબેરંગી વસ્ત્રો કોલેજમાં પહેરાતા કેઝ્યૂઅલ વેર તરીકે ઓળખાતા વસ્ત્રો નથી પહેરાતા.

બીજું, હાલમાં જે ફેશન ખૂબ જ પ્રવર્તમાન હોય જેમ કે બહેનોમાં પ્લાઝા પહેરવાની કે અગાઉ ચાલેલી લૉ વેસ્ટ જીન્સની ફેશનમાં દસમાંથી ૭ સ્ત્રીઓ એ પ્રકારની ફેશનને અપનાવી હોય પરંતુ એમનું કદ, રંગ અને શરીરની ઉંચાઈ મુજબ એ શોભતું ન હોય તો એને અનુસરવું સલાહ ભર્યું નથી જ.

ફેન્ટસી, ખરેખર ફેશન શબ્દને પહેલું લાગુ પડે છે આ. કલ્પના માત્ર પ્રથમ પરિબળ છે. હાલમાં ચાલતો તબક્કો. જે આપણે મનમાં ધારીએ એ આપણાં સુધી પહોંચે એ જ ચલણ. પછી એ વપરાશમાં આવતું રાચરચીલું હોય કે વસ્ત્ર પરિધાન. અગાઉના તબક્કાને ધ્યાનમાં લઈને આવનાર ચલણનું અનુમાન કરવું એટલે ફેશન એનાલિસિસ. જે કલ્પનાશક્તિ અને તર્કબદ્ધતાથી કળી શકાય.

સિન્ડ્રેલાને આપણી સાત પેઢીમાંથી કોઈએ નથી જોઈ પરંતુ કેટલાંક ચિત્રો પરથી પરિકલ્પના કરીને એની આકૃતિ આપણા માનસમાં સ્થપાઈ છે અને એ પરથી અતિપ્રચલિત એવા ઇવનિંગ ગાઉન પહેરવાનું ચલણ કાયમ રહ્યું છે. એજ એની સફળતા છે.

આમ તો આખી અલ્ફાબેટને સાંકળીને આ રીતે ચર્ચા કરી જ શકાય. અહીં કલ્પનાને અટકાવીએ તો પ્રથમ પાંચ મુદ્દા જ ફેશનની પ્રાથમિકતા સમજવા પૂરતા છે. હેં ને?

*

• કુંજલ પ્રદીપ છાયા 'કુંજ કલરવ'

રખડપટ્ટી

કારગિલની મુસાફરીએ !



કારગિલ ! નામ તો સુના હી હોગા. હા, ૧૯૯૯માં ભારતીય સેનાએ ખૂંખાર યુદ્ધ ખેલી, બહાદુરીની મિસાલ કાયમ કરી એ કારગિલ, અનેક નરબંકા અફસરો-જવાનો માતૃભૂમિ ખાતર જ્યાં ખપી ગયાં એ કારગિલ ! 'ખજાનો'ના લેખિકાએ વેકેશન દરમિયાન ત્યાંની રૂબરૂ મુલાકાત લીધી હતી, ત્યારે તેમને થયેલાં અનુભવોને તેમણે અહીં લેખમાં તાદૃશ કરવાનો પ્રયત્ન કર્યો છે.

કારગિલની લડાઈ ! આપણાં સૌ માટે ગર્વની લડાઈ ! કઈ રીતે આપણાં નરબંકાઓએ દુશ્મનોના દાંત ખાટાં કરેલાં, એ યાદ કરવાનું યુદ્ધ ! આ યુદ્ધભૂમિની સાક્ષી બનવા હું પહોંચી, કારગિલ વોર મેમોરિયલ.

એ જગ્યાને આપણે કારગિલ સમજીએ છીએ, પણ ખરેખર તો એ કારગિલથી પહેલા આવેલા દ્રાસમાં બનેલો છે. દ્રાસ વિશ્વનો બીજા ક્રમે આવતો સૌથી ઠંડો રહેણાંક વિસ્તાર છે. અમે સાંજના લગભગ ૪:00ના સુમારે દ્રાસ પહોંચ્યા. સામે જ 'કારગિલ શહીદ સ્મારક' દેખાયું અને અમે પોતે સિપાહી હોઈએ એવા ઉત્સાહમાં આવી ગયાં ! પરંતુ જીપમાંથી ઉતરતાં લાગ્યું કે, 'બાપ રે ! આ ઠંડીમાં કેવી રીતે બધું જોવાશે ?'

એકવાર તો જીપમાં બેસી દરવાજો બંધ કરી દેવાનું મન થઇ આવ્યું, તુરંત જ મનને ટપાર્યું, 'રે મન ! તારાથી ખાલી અમુક કલાકો નથી ગાળી શકાતાં, જયારે આ જવાનો દિવસ-રાત તારી સુરક્ષા માટે અહીં પહેરા આપે છે.'

પાછો જુસ્સો આવી ગયો અને અંદર ડગ ભર્યા. બંને તરફ લહેરાતાં તિરંગાઓ, આગળ જતાં એક ફાઇટર પ્લેન, બધે જ સેલ્યુટ મારી. વાહ આર્મી વાહ ! આગળ જતાં એકબાજુ 'વીરભૂમિ'ની દિશા બતાવતું બોર્ડ હતું, પણ અમને કહેવામાં આવ્યું, પહેલાં 'શહીદ સ્મારક' ચાલો, એટલે અમે ત્યાં આગળ પહોંચ્યા. આ આખા રસ્તાને 'વિજયપથ' તરીકે ઓળખવામાં આવે છે.

'ઓપરેશન વિજય' લખેલો સ્તંભ અને તેની આજુબાજુ ચાર નાના સ્તંભો, તેની પાસે ચડાવેલી ફૂલોની રીંગો, બધું મનમાં એક અલગ જ જોશ પેદા કરતું હતું. એક જવાં આવનાર મુલાકાતીઓ માટે ફૂલ લઈને ઉભો હતો. આપણે ત્યાંથી ફૂલ લઈને ચડાવીએ એટલે એ આપણને સેલ્યુટ કરે ! 'તમે શહીદોને સમ્માન આપ્યું, એટલે અમે તમને આપીએ !'

મને તો એવું લાગ્યું કે, મારી કોઈ લાયકાત વગર કોઈ મને કેમ આમ સલામ ભરી શકે !?

અમે આસપાસ બધું નિહાળી રહ્યા હતાં કે બધા મુલાકાતીઓને ભેગા કરીને ઓફિસરે બુલંદ અવાજે અમને સમજાવવાનું શરુ કર્યું,

'દોસ્તો, આપણી ઠીક પાછળ તોલોલિંગ પહાડી છે, જેની ઉપર ઘૂસણખોરો આવી ગયા હતાં અને અહીંથી બોમ્બાર્ડીંગ કરતાં હતાં. ત્યાં ડાબી તરફ પાછળ ટાઇગર હિલ..!'

એ બધું કહેતા જતા હતાં અને આંખ સામે વીરોની બહાદુરીના દ્રશ્યો તાદ્દશ થતા જતા હતાં. તેઓએ અમને પાકિસ્તાની ઘુસાણખોરોના ટેન્ટ, કબ્જે કરેલા સાધનો વગેરે બતાવ્યું. 'શહીદ સ્મારક' પર સુર્વણાક્ષરે કોતરાયેલા નામો બતાવ્યાં. આ બધું જોઈને સીનામાં દેશભક્તિના પૂર ઉમટવા માંડ્યા. ત્યાર બાદ મ્યુઝિયમ જોયું, જેમાં બધા વીરોના 'અસ્થિ કળશ' હતાં. બધી ટુકડીઓના ફોટા, મીડિયાએ કરેલી મદદના પુરાવા, એરફોર્સે આપેલા સાથની વાતો, જવાનોનાં કપડાં, બરામદ થયેલો દારૂગોળો, ગન્સ વગેરે હતું. એ આતંકીઓ ક્યાંના હતાં, તેમાંના અમુક પાકિસ્તાની ફૌજના સિપાહીઓ હતાં એના પુરાવાઓ પણ હતાં. બહુ દુઃખ થયું કે, આટલા બધાં સબૂતો હોવા છતાં શાંતિ કરારના ઓઠા હેઠળ આપણે પોતાના દેશને બચાવી નથી શકતાં.

હવે સમય હતો 'વીરભૂમિ' પર જવાનો. જોવા ગઈ તો ત્યાં એક મિનિટ માટે બેસી પડી ! મગજ સૂન્ન થઇ ગયું. હૃદય ધબકારા ચૂકી ગયું ! વીરભૂમિ એ ૧૯૪૭થી લઈને અત્યાર સુધી કાશ્મીર સીમા પર આપણા શહીદ

થયેલાં જવાનોની અગણિત ખંભીઓ હતી. અરેરાટી છૂટી ગઈ. બધી દેશદાઝ ફક્ત આ લોકોએ જ દેખાડવાની ? તેમના પરિવારો વિશે વિચારો આવી ગયાં. આપણે તો તેમના વિશે ૧% જેટલું પણ નથી જાણતાં !!

ત્યાંથી બહાર નીકળી કારગિલ ગામ તરફ જવા રવાના થયાં. ત્યાં રસ્તામાં પણ અનેક વિનાશની અનેક નિશાનીઓ, બોમ્બની ઝીંક ઝીલેલી દીવાલો, અને દિવસ-રાત તકલીફમાં રહેતાં માણસો અને તેમનાં ઘરો !!

દ્રાસ છોડતાં મનને એક અજંપો ઘેરી વળ્યો અને અશ્રુસુમન ચડાવતાં મન બોલી ઉઠ્યું,

'અયે મેરે વતન કે લોગોં, ઝરા આંખ મેં ભર લો પાની;

જો શહીદ હુએ હૈ ઉનકી, ઝરા યાદ કરો કુરબાની !'

દ્રાસ જવાનો ઉત્તમ સમય: જૂન થી સપ્ટેમ્બર.

હવામાન: સતત બદલાય, પૂરતાં ગરમ કપડાં, વરસાદથી બચવા કોટ કે છત્રી રાખવા.

પહોંચવાનો રસ્તો: શ્રીનગર-લેહ હાઈ-વે.

સમય: ૧.૫ થી ૨ કલાકમાં શાંતિથી જોઈ શકાય.

*

• એકતા દોશી

ફોટો ગેલેરી:



વીરભૂમિ



કારગિલ વોર મેમોરિયલનું પ્રવેશદ્વાર !



'ઓપરેશન વિજય' લખેલો સ્તંભ



શહીદ કળશ

'ખજાનો'નો આ પ્રથમ અંક કેવો લાગ્યો ?

અમે આતુર છીએ આપના પ્રતિભાવો જાણવા !

લખી મોકલો અમને નીચે આપેલ ઈ-મેઈલ એડ્રેસ પર.
બેસ્ટ પાંચ પ્રતિભાવોને અમે 'ખજાના'માં છાપીશું, તથા પેજ પર મૂકીશું.
પ્રથમ બે આવૃત્તિઓ ફ્રી છે, તેથી વાંચનનો લુત્ફ ઉઠાવીને
તેમાં તમારા મિત્રોને શામેલ કરવાનું ભૂલતાં નહીં હોં !
સંપર્ક માટે અમારું ઈ-મેઈલ એડ્રેસ છે:
khajano.gujaratimagazine@gmail.com

ફોનથી સંપર્ક:
7016025014, 8469141479

મીડિયા પાર્ટનર્સ:
ગમ્મત ગુલાલ
જોબલેસ યુવા
જલ્સા કરોને જેન્તીલાલ

